હરિઃ ૐ આશ્રમ, નડિયાદ.
પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ

દ્વિમાસિક-સામયિક

વર્ષ : ૧૧ મું જુલાઈ-૨૦૧૬

*** ટ્રસ્ટી મંડળ ***

શ્રી ગૌત્તમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી સનતકુમાર વિષ્ણુકાન્ત પટેલ
શ્રી જીતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ

**નિઃશુલ્ક સામયિક**

**હરિઃ ૐ ગુંજ અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે ચેક અથવા મનીઓર્ડરથી કાર્યાલયને સરનામે મોકલવી.
(ઈન્કમટેક્ષ એકટની કલમ-૮૦ જી-(૫) ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ
પો. બો. નં. ૭૪, નડિઆદ,
પીન : ૩૮૭ ૦૦૧.
ફોન : ૭૮૭૮૦ ૪૬૨૮૮

## નિવેદન...

જ્ઞાન આપનાર સદગુરૂનું ત્રણે લોકમાં દષ્ટાંત જ નથી. દષ્ટાંત આપવું જ હોય તો તે લોખંડને સોનું કરનાર, પારસમણિ છે. પરંતુ પારસમણિ લોખંડનું સોનું કરનાર છે. છતાં લોખંડને પારસમણિ કરતો નથી. જ્યારે ગુરુ તો શિષ્યને પોતાનું ગુરુત્વ આપે છે. તેથી જ ગુરુ નિરૂપમેય છે. (શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય)

મનુષ્યોની આધ્યાત્મિક ઉન્નતિ માટે કોઈપણ બાહ્ય આશ્રય-કોઈપણ બાહ્ય વિષય તેની શ્રદ્ધા માટે આવશ્યક હોય છે. ભગવાનની કોઈ બાહ્ય મૂર્તિ અથવા તેનો કોઈ માનવ પ્રતિનિધિ, કોઈ અવતાર કોઈ પયગંબર, કોઈ નથી. કાં તો સદગુરૂની આવશ્યકતા છે અથવા બંનેની આવશ્યકતા હોય છે અને તેની મૂર્તિ પણ થઈ જાય છે. કારણ કે ભગવાન મનુષ્યની જરૂર મુજબ પોતે સ્વયં દેવતા અથવા તો સામાન્ય મનુષ્ય રૂપમાં પ્રગટ થાય છે. એ રૂપમાં તે અવશ્ય માર્ગદર્શનનું કામ કરે છે.

છતાં એ ભુલવું ન જોઈએ કે આ બધા બાહ્ય ઉપાયોનો ઉદ્દેશ માનવીના અંતરાત્માને જગાડી તેના અંતઃસ્થિત ભગવાનને સન્મુખ કરવાનો છે. જો આ કામ ના થાય તો આધ્યાત્મિક દષ્ટિએ કશું જ થયું ન ગણાય. જો અંતરમાં શ્રીકૃષ્ણ, બુદ્ધ, ઈસુ કે પયગંબર પ્રગટ ન થાય તો બહારને બહાર તેમની પૂજા-આરાધના કરવી એ પુરતી નથી. અન્ય તમામે ઉપાયોનું આજ લક્ષ્ય છે.

કૃષ્ણંવંદે જગદ્ગુરુ! ભગવાન શ્રીકૃષ્ણને ગુરુ બનાવી,ભગવદ્ગીતાના નિષ્કામ કર્મયોગના માર્ગે જીવન ગુજારવું એ જ શ્રેયસ્કર છે.

હરિ : ૐ !

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

# હરિઃ ૐ ગુંજ

**વર્ષ : ૧૧મું**

**જુલાઈ-૨૦૧૬**



**✻ લેખન : સંકલન ✻**

ડૉ. ચંપકભાઈ ર. મોદી

નડિઆદ.

**✻ સંપાદન ✻**

ડૉ. ઉષાબેન ખેર

ડૉ. બેલા આર. શાહ


- ❖ પ્રતિ ર માસે તારીખ ૧૦ થી ૨૦ માં અંક પ્રગટ થાય છે.
- ❖ સરનામું બદલાયું હોય તો ગ્રાહકે નંબર સાથે તાત્કાલિક કાર્યાલયમાં લેખિત જાણ કરવી.

**✻ સાધક-લેખકોને નિમંત્રણ ✻**

શ્રી મોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃ ૐ ગુંજ' દ્વિમાસિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે કાર્યાલયમાં મોકલી આપવું.

**● લખાણ અંગે ●**

* શ્રી મોટાના સાહિત્ય વિષયક
* શ્રી મોટાના જીવન વિષયક
* પોતાના મૌન-સાધનાના અનુભવો
* કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સાહિત્ય મોકલવું.
* નડિઆદ આશ્રમ પ્રવૃત્તિ વિષયક
* યોગ્ય સમયે સામયિકમાં કૃતિને સ્થાન આપવામાં આવશે.
* લેખકના કે અન્ય સાહિત્યકારના વિચારો, શ્રી મોટાના અને લેખકના પોતાના અંગત વિચારો છે.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | યાચના | ૦૩ |
| ૨. | ગુરુ-પૂર્ણિમા અને ગુરુ પૂજન | ૦૪ |
| ૩. | તુજ ચરણે | ૦૭ |
| ૪. | મુક્તાત્મા | ૧૧ |
| ૫. | પાથેય પૂરું પાડતાં મૌન મંદિરો | ૧૬ |
| ૬. | નામસ્મરણ | ૧૭ |
| ૭. | શ્રદ્ધા | ૨૧ |
| ૮. | તુજ પાસ માગું | ૨૨ |
| ૯. | શ્રી મોટાના વિચાર સ્ફુલિંગ | ૨૩ |
| ૧૦. | લાક્ષણિક અનુભવ | ૨૭ |
| ૧૧. | શ્રી મોટાના પ્રાસંગિક ઉદ્‌બોધન | ૩૧ |

# ૧. યાચના

## (શાર્દૂલવિક્રીડિત)

તું મારાં મદ, મોહ, મત્સર, પ્રભુ ! ને ક્રોધ સંહારજે,
મારાં સર્વ વિકાર જે વિષય તું, બાળી, પ્રભુ નાંખજે;
જે કૈં આઈસ ને પ્રમાદ મનથી કાઢી બધું નાંખજે,
ખાલી સાવ તરંગથી કરી મને હે તાત ! ઉદ્ધારજે.

ભૂલો દોષ થતાં કબૂલ કરતો, હું પાય તારે પ્રભુ,
ને શિક્ષા મળતા ન હું બડબડું, પ્રેમે સહી તે લઉં,
રહેવા જાગ્રત હું મથું, ત્યમ છતાં દોરાઈ આડો જઉં,
તો વેળા હૃદયે સતેજ કરજે હું - મૂર્ખને હે પ્રભુ !

મારા સંકટને સમે સતત તું રહેજે સહાયે પ્રભુ !
હૈયે હિંમત ડામવા દુઃખ બધું તું આપજે હે પ્રભુ !
સામે બાથ, ઝઝૂમવા બળ મને તું એવું દે જે પ્રભુ !
કે હાથે મુજ એકલે દુઃખતણો હું અંત લાવી શકું.

## (શિખરિણી)

મડાગાંઠે તારે ચરણ વળગીને રહીશું હું,
હવાં સૂઝે તેવું મુજ કર તને જેમ ગમતું,
ને કો ને તાબે તું, નવ કરી શકું આગ્રહ તને,
મને દેતો રહેજે, પ્રભુ, ઘટતું જે હોય મુજને.

# ૨. ગુરુ પૂર્ણિમા અને ગુરુ પૂજન

ગુરુભક્તિ, ગુરુપૂજન એ જ્ઞાનપૂજન છે. જ્ઞાન ભક્તિ છે. કોઈપણ વ્યક્તિએ એવું ન સમજવું કે ગુરુપૂજા એટલે એ કોઈ વ્યક્તિની પૂજા છે, ગુરુપૂજન એટલે સત્યનું પૂજન. ગુરુમાં રહેલાં જ્ઞાનનું પૂજન. ગુરુપૂજન એટલે ગુરુએ પ્રાપ્ત કરેલી દિવ્ય અનુભૂતિનું પૂજન. જ્યાં સુધી માનવીને જ્ઞાનની ભૂખ છે, જ્ઞાન માટે આદર છે ત્યાં સુધી ગુરુભક્તિ-ગુરુપૂજન થતાં જ રહેવાના. વર્તમાનકાળમાં પવિત્ર જ્ઞાની સદ્‌ગુરુ ના મળે તો 'કૃષ્ણં વંદે જગદ્‌ગુરું !' ભગવાન શ્રીકૃષ્ણને ગુરુ બનાવી તેમણે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં દર્શાવેલ જીવન પથ પર ચાલવું એ જ શ્રેયસ્કર છે.

અષાઢ સુદ પૂજન એટલે ગુરુ પૂર્ણિમાનો પવિત્ર દિવસ-વ્યાસ પૂજનનો દિવસ, વ્યાસ પૂજાના દિવસે સંસ્કૃતિના ઘડવૈયાઓનું પૂજન થાય છે. મહર્ષિ વેદવ્યાસે આપેલા પ્રચંડ જ્ઞાનની સ્મૃતિમાં, તેમનું કૃતજ્ઞતાપૂર્વક પૂજન કરવાનો દિવસ છે. આદિયુગમાં વેદ એક જ હતો. મહર્ષિ અંગિરાએ તેમાંથી સરળ અને ભૌતિક ઉપયોગના છંદોને સંગ્રહતિ કર્યા. તે સંગ્રહ છાંદસ, અંગિરસ અથવા અથર્વવેદ તરીકે જાણીતો છે, તેમાંથી બાકી રહેલા વેદમાંથી મહર્ષિ વ્યાસે તેની ઋચાઓ, મંત્રો, ઈત્યાદિને ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદમાં અલગ અલગ સંકલિત કર્યા. વેદાર્થ બધા માટે બહુજન સમાજ માટે સુલભ થાય તેથી તેમણે ૧૮ પુરાણો તથા કેટલાક ઉપ પુરાણો રચ્યાં છે.

પુરાણ બહુ વિસ્તૃત હોવાથી તેમણે ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ સંબંધી સિદ્ધાંતોને એકત્ર કરીને મહાન ગ્રંથ મહાભારતની રચના કરી, જે પાંચમા વેદ તરીકે ઓળખાય છે. શ્રુતિમાં જે કાંઈ છે તે બધું મહર્ષિ વેદવ્યાસે મહાભારતમાં ગ્રંથિત કર્યું છે. વેદ વ્યાસ બોલતા જતા અને ગણપતિ લખતા જતા. એ રીતે પંચમવેદ મહાભારત લિપિબદ્ધ થયો. તેમણે વંદાંતદર્શન અથવા ઉત્તર મીમાંસામાં ઉપાસના અને સાધનાની પ્રતિષ્ઠા કરી. દર્શન શાસ્ત્રનો, શ્રુતિના સિદ્ધાંતોને પ્રતિપાદિત કરતો ગ્રંથ આપ્યો કે જેનો આધાર લઈ બધા સંપ્રદાયોની રચના થઈ છે. તે શ્રીમદ્‌ ભાગવત ગ્રંથ તેમનો સુમધુર ભક્તિ પૂર્ણ ગ્રંથ છે.

વેદવ્યાસના જીવન અને કવનને અમર બનાવવા તેમના અનુગામી ચિંતકોએ સંસ્કૃતિના વિચારોનો પ્રચાર કરનાર સૌને વ્યાસ તરીકે સંબોધવાનું નક્કી કર્યું. સંસ્કૃતિના વિચારો જે પીઠ પરથી વહેતા થાય છે તે પીઠ આજેય 'વ્યાસપીઠ' કહેવાય છે. આ વ્યાસપીઠ પર આરૂઢ થઈને જે નિસ્વાર્થ ભાવે પોતાની ઉપાસના કાં તો ભક્તિ સમજીને કર્તવ્યપાલનના ધર્મ રૂપે સંસ્કૃતિના પ્રચારનું જીવનવ્રત એ તેની પૂજા આ પવિત્ર દિવસે કરીને આપણે સૌએ કૃતકૃત્ય થવાનું.

વ્યાસ એ સમાજના સાચા ગુરુ હતા. તેના આધારે પરંપરાનુગત વ્યાસપૂજા એ ગુરુપૂજા, વ્યાસપૂર્ણિમા એ ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવા લાગ્યા. નિર્જીવ વસ્તુને ઊંચે ફેંકવા જેમ સજીવની જરૂર પડે

છે. તેમ લગભગ જીવહીન અને પશુતુલ્ય બનેલા મનુષ્યને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશ્યક્તા રહે છે. તે વ્યક્તિ એટલે જ ગુરુ.

મનુષ્યને દેવ તુલ્ય બનવા માટે પોતાની પશુતુલ્ય વૃત્તિઓ પર સંયમની બ્રેક-લગામ જરૂર પડે છે. તે સંયમની પ્રેરણા અને જ્ઞાનની ચાવી ગુરુજીના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. 'ગુરુ એટલે જે લઘુ નથી તે અને જે બધુ ને ગુરુ બનાવે તો જે જીવનને મનનું ગુલામ બનાવે છે તે બધુ અને જે અને જે મનનો સ્વામી બને છે તે ગુરુ. વળી જીવનના લપસણા માર્ગો. પ્રવાહો વચ્ચે પણ સ્થિતપ્રજ્ઞની જેમ સ્થિર રહે છે તે ગુરુ.

કનક, કાંતા કે કીર્તિના વંટોળિયા પણ તેને ઉડાવી શકતા નથી. તેથી જ તે સંસારસાગરમાં દીવાદાંડી સમાન માર્ગદર્શક બની રહે છે.

ગુરુપૂજન એટલે ધ્યેયપૂજન, ગુરુનું જીવનધ્યેમૂર્તિ જેવું હોય છે. ધ્યેયનું સાકાર સ્વરૂપ હોય છે. માનવના જીવન માં ધ્યેય જ આવતા સંયમ આવે છે. સંયમથી શક્તિ સંચય થાય છે. અને એ શક્તિથી જ માનવ ધ્યેયની સમીપ જાય છે. અને અંતમાં તેનો સાક્ષાત્કાર થાય છે.

ગુરુ વિશ્વની અનંતતાનું તેમજ સૃષ્ટિના જ્ઞાનનું દર્શન કરાવે છે. પરંતુ સદ્‌ગુરુ જીવનની કળા શીખવી માનવને ઈશ્વરાભિમુખ બનાવે છે. અધ્યાત્મવિદ્યાના દર્શન કરાવે તે સદ્‌ગુરુ. જીવનને સુંદર નિર્દોષ અને પવિત્ર બનાવીને આપણો હાથ પકડી પ્રભુચરણમાં આપણને લઈ જનાર આ સદ્‌ગુરુ છે. આજના દિવસે આવા સદ્‌ગુરુનું પૂજન કરવું જોઈએ.

**બ્રહ્માનંદ પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિ**
**દ્વંદ્વાતીતં ગગન સદશં તત્ત્વ મસ્યાદિલક્ષ્યં ।**
**એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥**

બ્રહ્મના આનંદરૂપ પરમ સુખરૂપ જ્ઞાનમૂર્તિ, દ્રધ્ધ થી પર, આકાશ જેવા નિર્લેપ અને સૂક્ષ્મ, 'તત્વમસિ' તે જ તું છે એ ઈશતત્વ તું જ છે. તેની અનુભૂતિ એ જ જેનું લક્ષ છે. અદ્વિતીય, નિત્ય, વિમલ, અચલ કોઈપણ ભાવથી પર, ત્રિગુણ રહિત એવા સદ્‌ગુરુને હું નમસ્કાર કરું છું.

ગુરુદક્ષિણામાં તો જેટલું આપીએ તેટલું ઓછું. ગુરુની વિશિષ્ટતા એ છે કે જે આપો તેને ઘણું સમજી સ્વીકારે છે. ગુરુપૂર્ણિમા એટલે તેમની પાસે જઈને વૃતજ્ઞતા-પૂર્વક પ્રતીક તરીકે તેમનાં ચરણે યથાશક્તિ દક્ષિણા આપવાનો પવિત્ર દિવસ. ગુરુનાં ચરણે આપણે જે કંઈ અર્પણ કરીએ અને તે જો ગુરુ દ્વારા સ્વીકાર્ય બને તો તેમાં આપણું આત્મકલ્યાણ છે. સંત કબીર કહે છે;

**ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગૂં પાય ?**
**બલિહારી ગુરુદેવકી ગોવિંદ દિયો બતાય.**

કબીરના દોહામાં ગુરુની શ્રેષ્ઠતાના સ્પષ્ટ દર્શન થાય છે. ગુરુ ગોવિંદને બતાવનાર, દર્શન કરાવનાર છે તેથી એ ગુરુ ગોવિંદ કરતાં શ્રેષ્ઠ છે કારણ કે એના વગર આપણે ગોવિંદનો મહિમા શી રીતે જાણી શકીએ ?

એક સ્થિતિ એવી પણ આવે છે જ્યારે શિષ્યને ગુરુ અને ગોવિંદમાં કોઈ ભેદ જ જણાતો નથી. સાચા ગુરુ હંમેશાં સૌની ગોવિંદ નિષ્ઠા-ઈશ્વરનિષ્ઠા વધારતા જાય છે. જ્ઞાનના સૂર્ય, પ્રેમના મહાસાગર, અને શાંતિના હિમાલય જેવા ગુરુનું આ પવિત્ર દિવસે પૂજન કરવું જોઈએ.

આજે ગુરુપૂજા, ગુરુવાદમાં પરિણમી છે. ગુરુપૂજાનો ગુરુવાર થવાથી માનવી અંધશ્રધ્ધા અને અજ્ઞાનના અંધારા કૂવામાં અથડાયા કરે છે.

ગુરુપૂજાનું સુંદર રીતે ખીલેલું પુષ્પ, સૌરભથી મહેકતું પુષ્પ ગુરુવાદે કચડી નાખ્યું છે. બાપ ડૉક્ટર કે એન્જિનિયર હોય તેટલા પરથી જ માત્ર, આપણે તેના દીકરાને ઓપરેશન કરવાનું કે મકાન બાંધવાનું કામ સોંપતા નથી. તેવાં કામો કરવા માટે તેવા પ્રકારની યોગ્યતા તેમના દીકરાએ પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. તેની આપણે બધા ખૂબ તકેદારી રાખીએ છીએ.

પરંતુ અહીં તો માત્ર પરંપરાથી ગુરુના દિકરાને તેની યોગ્યતા જોયા વગર ગુરુ તરીકે સ્વીકારી લઈએ છીએ, એનાથી મોટી બાલિશતા બીજી કંઈ હોઈ શકે. જેમ નળમાંથી આવતા પાણીને ગરણે ગાળીને સ્વચ્છ કર્યા બાદ જ જળપાન કરીએ છીએ તે રીતે ગુરુની પસંદગીમાં પણ તેના જીવનના વ્યવહારને સો ગરણે ગાળ્યા પછી શાંત ચિત્તે નિર્ણય કરવો જોઈએ.

વૈદિક સંસ્કૃતિનું વર્તમાન સ્વરૂપ મહર્ષિ વેદ વ્યાસના લીધે જ નિર્માણ થયું છે. તેમનું વાંઙમય એટલું પ્રચંડ છે કે જેમાં જીવનને અને સમાજને અનુલક્ષિત એવો કોઈ વિચાર અછૂતો નથી રહ્યો તેથી તો 'વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વ' એ ઉક્તિ પ્રચલિત થઈ છે. ભગવાને સ્વયં જ આ રૂપમાં અવતાર ધારણ કરી કળિયુગમાં માનવો માટે શ્રુતિનું તાત્પર્ય સરળ શૈલીમાં કરી આપ્યું છે.

**અચતુર્વદનો બ્રહ્મા દ્વિબાહુરપરો હરિ : ।**

**અભાવ લોચન : શંભુભગવાન્બાદરાયણઃ ॥**

ભગવાન બાદરાયણ એટલે કે વેદવ્યાસ-ચારમુખ વિનાના બ્રહ્મા. બે હાથવાળા બીજા વિષ્ણુ અને લલાટમાં ત્રીજા નેત્ર વિનાના મહાદેવ !

આવા મહર્ષિ વેદવ્યાસને કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરવા માટેની આ પવિત્ર તિથિ. અષાઢી પૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા.

# ૩. 'તુજ ચરણે'

## (વસંતતિલકા)

સંધ્યા હંમેશ પીછીં દિવ્ય વડે અનેરું,
આલેખવા બહુ મથે તુજ ચિત્ર ઘેરું;
સોળે કળા ખરચતાંય કળાય ના તું,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.
પાપી છતાં મલિન ઉર અનન્ય ભાવે,
તારું કરે સ્તવન જો, પ્રભુ, નિત્ય તેને,
- સાધુ બનાવ ઉર દુર્ગુણ કૈં ન રાખે,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.
જ્ઞાનેન્દ્રિયો મનસહિત પદે જ રાખી,
કર્મેન્દ્રિયોથી વ્રત-જીવન આચર્યેથી,
તું હેમખેમ સઘળું ચલવે જ તેનું,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.
થઈ તત્વવિત્ત સ્મરશે ઉર ભક્તિ-જ્ઞાને,
તુંમાં ધરી હૃદય આદર પ્રેમ, તેનો
સાયુજ્ય-મુક્તિ કરુણાનિધિ ! આપશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
કર્મો કર્યે અવતરે પણ કર્મને જે
આસક્તિ છોડી કરશે, પદમાં સમર્પે

તેના, પ્રભુ, મરણજન્મ ફિટાડશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેવો તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એક સરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
વ્યાપી રહ્યો સકળમાં નીજ આત્મરૂપે,
છે વિશ્વમાંહી સચરાચર નાથ તું, જે
બ્રહ્માદિ દેવ, ત્રાણ લોક-તણો પતિ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
જે બહાર છે, પણ મહીંય ભર્યો પડ્યો છો,
તે તું જ શુદ્ધ સ્વરૂપે સહુમાં ઠર્યો છે;
તું છે અખંડિત, અબાધ, સ્વયંભૂ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
ના આદિ, મધ્ય નહિ અંત જણાય જેનો,
પામી શકાય નહિં પાર કદીય જેનો,
ખેલી રહ્યો અણુ-અણુ મહીં વિશ્વમાં તું,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.
હોવાપણું કદીય હોય જ કોઈને જો,
એવો નથી તૂજ વિના કહીં કોઈ બીજો;
છે યોગ્ય એક જગ ચિંતવવા પ્રભુ, તું;

એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
તું જે તપેય, વરસે, સહુ જે પ્રભુ તું,
જે કાર્ય-કારણ તણો મૂળ હેતુ છે તું,
તું ચેતને, જડ, મૃતે, પ્રભુ, અમૃતે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
યોગી તણો પુરુષાર્થ સમર્થ, છે તું,
ને બુદ્ધિશાળી જનની પ્રભુ, બુદ્ધિ છે તું,
તું મૂળ સત્ય, પરબ્રહ્મ પવિત્ર છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
આકાર ના, નહિ વિકાર, તું નિર્ગુણી છે,
ને બુદ્ધિ, તર્ક, મન, વાચની પાર તું છે,
આનંદ ચિત્ત સત-તણું મૂળધામ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
સ્ત્રી જેમ જે પતિ થકી જગ ઉપજાવે,
સંતાન સૌ, ત્યમ બધું જગ ઉદ્ભવાવે,
માયાથી આ અચળ ને ચળ જે, પ્રભુ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
માયા મહીં સ્મરમ નિત્ય કર્યા કરે છે,
નિર્લેપ તું, ત્યમ છતાં તું રહી શકે છે;
રે' શૂન્યમાં, પણ વિકારી થતો પ્રભુ તું
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

સૌનોય તું, પ્રભુ, ન કોઈ તણો વળી તું,
કોનો ન સંગ તુજને, પણ સંગી છે તું,
છે ભાવનામય જ ભાવઅતીત છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
કષ્ટોતણો જીવનમાં યમદંડ છે તુ,
હાર્યાતણો મદદગાર પ્રભુ, નકી તું,
ભાવે જતાં શરણ લે કરનો ગ્રહી તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
આધાર ના જગત કોઈ તણો જ જેને;
આધાર તું જરૂર છે પ્રભુ સર્વ તેને,
છે સૂત્રાધાર સચરાચર વિશ્વનો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.
પોકાર પાડી તુજને વિનવ્યા કરું છું,
શાને પ્રભુ, મુજ કશું નવ સાંભળે તું?
આ રાંકની દિલ દયા ધરજે પ્રભુ, તું,
કહેવા મને હક નથી વધુ એથી શું ?
કર્તવ્ય હું રીઝવવા તુજને કરું શું ?
શા મંત્ર કે સ્તવનથી તુજને સ્તવુ છું ?
પૂજા હું તારી મનસા રીતથી કરું શું ?
હું મૂઢ, માત્ર તુજ નામ લઈ જ જાણું.

# ૪. મુક્તાત્મા

પોતાના સત્વને ઝટ ઓળખી શકાય એવો આવિર્ભાવ મુક્તાત્માઓ સાધારણ રીતે થવા દેતા નથી. આથી શરૂ શરૂના સાધકને, જિજ્ઞાસુને તથા આધ્યાત્મિક પથથી અણજાણ એવા જીવોને મૂંઝવણ અને ગૂંચવાડો ઊભો થતાં હોય છે. કેટલાકની શ્રદ્ધા આથી હાલી જાય છે યા ઊઠી જાય છે. પોતાનાં સંકુચિત, વિકૃત, ક્ષુલ્લક માનસને માપે કે દંડે સંતોને માપવા જતાં તેમનાં આવા કાર્યોને મૂક પણ કલ્યાણકારી હેતુ એવાઓની સમક્ષ ખુલ્લો કરી સમજાવવામાં આવે તો પણ તેઓ તે હેતુની કદર કરી શકતા નથી હોતા. તેઓના મનમાં એમ થાય છે કે જાણી જોઈને સંતો શા માટે વર્તતા હશે ? શા માટે પોતાને વિશે લોકોમાં ગેરસમજૂતી થવા દેતા હશે ?

સૌથી પ્રથમ તો એ સમજી લેવાની જરૂર છે કે મુક્ત આત્માનું જોકે સામાન્ય માનવી જેવું હલનચલન જણાય છે; પરંતુ તે છે તેની પ્રકૃતિનો સ્વામી, આત્મનિષ્ઠ. જયારે સામાન્ય માનવી તો પ્રકૃતિનો દાસ છે, ગુણોથી પ્રેરાઈને તેની બધી ક્રિયા થાય છે. એટલે બંનેની બહિર ક્રિયાઓની દેખીતી રીતની સમાનતા પાછળ ધરમૂળનો, પાયાનો તાત્વિક તફાવત આવી રહેલો છે. સાધારણપણે સમાજમાં એવી સમજ પ્રવર્તેલી હોય છે કે મુક્ત એટલે સામાન્ય માનવી કરતાં કંઈ તદ્દન ભિન્ન પ્રકારનો માનવી કે જેની સ્થૂળ ક્રિયાઓ પણ સામાન્ય માનવી કરતાં જુદી જ હોય, પણ આ સમજણ યોગ્ય નથી. જીવનમુક્તમાં પ્રકૃતિ, ઈન્દ્રિયો, ગુણ, ભાવના, લાગણી, ઊર્મિ નાશ પામી છે એવું નથી હોતું, શરીર છે ત્યાં સધી તો એ બધું હોવા કરવાનું, પણ એ આ બધાનો સ્વામી બની રહેલો છે. એ વર્તે છે પરિસ્થિતિના માલિકની રીતે - જડ યંત્રવત્ તે દોરાતો નથી. તેમનાં કાર્ય ક્ષેત્રમાં જયારે તે બધાં પ્રેરાય છે ત્યારે એને એના જ્ઞાનહેતુની જીવંત અજ્ઞાન ધારણા રહ્યા કરતી હોય છે.

મુક્તાત્માઓને કર્મ અવશ્ય નથી હોતાં. એ કર્મ કરે છે ખરો, પણ તે પ્રભુપ્રેરિત હોય છે માટે. પ્રભુના આદેશની સમજણ કહો કે આત્મના સહજજ્ઞાનના કોઈ અકળ એવા સહજહેતુથી કહો, તે રીતે તેનું તેવા કાર્યમાં પ્રરાતું જવું બનતું હોય છે. તે અમુક જ કાર્યો કરશે એવું નથી. તે પૂર્ણ ગૃહસ્થાશ્રમી હોઈ શકે છે; તેમ જ સહજમેળે સંપૂર્ણ સંન્યાસી પણ હોય, દેશ સેવક પણ હોય ને આંતરરાષ્ટ્રીય સેવક પણ હોય ને જેમ પોતાની પ્રજાનો હોય તેમ સમષ્ટિનો પણ હોય - એનામાં હૃદયથી સમદષ્ટિ સહજ હોય છે. એને કંઈ તેવું કે તેવા થવાપણું નથી. ત્યાં વિચાર પણ નથી ને સંકલ્પ પણ નથી. જેવી જેવી જેને જીવનમાં પરિસ્થિતિ મળ્યા કરતી જાય, તેમ તેમ તે ઉપર વહન કર્યા કરે છે. તે રાજયોનું સંચાલન, શાસન કરનાર રાજા પણ હોય ને અદનામાં અદનો દાસ, સેવક પણ હોય. એને કોઈ દૃષ્ટિ,

વૃત્તિ કે વલણ નથી હોતાં. તે ફરતોય હોય ને સ્થિર પણ. તે બંનેમાંથી એક પણ ન હોય ને બંને સાથે પણ હોય. તે એક કાર્ય કરતાં કરતાં અનેક કર્મમાં પ્રવર્તતો રહ્યા કરે છે ને કશું નથી કરતો હોતો તોપણ તે ખરા ભાવમાં સહજપણે પ્રવૃત રહેલો હોય છે. એને કશામાં પ્રવેશવું પડતું નથી, કારણ કે તે પ્રત્યેકના સહજ સ્વભાવરૂપે છે. તે જેમ એક છે તેમ અનંત પણ હોઈ શકે ને તેમ છતાં સંપૂર્ણ શૂન્ય પણ થઈ શખે. એ કર્મ છે. કર્મની અંતરમાં છે, કર્મની આદિમાં છે ને કર્મ જ એનામાં છે ને તેથી તે પણ છે.

જીવનમુક્ત દ્વંદ્વથી પર હોવા છતાં હર્ષ, શોક, લાગણી, આદિ નથી હોતાં એમ નહિ; એવી એવી વૃત્તિ ઉદ્ભવતાં તે એનો ભોગ થઈ પડતો નથી; પણ ત્યાં એને કેવી રીતે, કયાં કેટલા પ્રમાણમાં પરોવવી એ બધાનું જ્ઞાન રહ્યા કરે છે. જયાં સુધી શરીર છે, સમાજમાં છે, ત્યાં લગી પ્રારબ્ધ કર્માનુસાર કર્મ ભોગવવાનાં હોય તેમાં, કે આદેશ કાર્ય હોય તેમાં, કે સમષ્ટિરૂપ કાર્ય હોય તેમાં, પોતે જ તેનો સ્વામી છે; જન્મદાતા છે ને ભોક્તા છે, ને છતાં પણ પાછો તે ક્યાંક નોંખો છે. તે ભાવયુક્ત રહી ત્યાં ત્યાં પ્રવર્તતો હોય છે. તેને ઐહિકદૃષ્ટિએ કશું વિકાસ પામવાનું બાકી રહી જતું નથી રહેતું, પરંતુ પરબ્રહ્મભાવમાં તે વિકાસ સહજમેળે તે પામ્યા કરતો હોય છે.

સાધારણપણે સમાજની જુદી જુદી સમજણ જીવનમુક્ત અંગે કંઈક એવી હોય છે કે તેણે પોતાના જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાંખી હોય; દલિતો અને ગરીબો માટે અત્યંત 'દયા' હોય ને તેમને માટે સેવાકાર્ય પણ કરતો હોય, સમસ્ત માનવસમુદાય માટે દયાનો સાગર જ હોય; અને માનવજાતના ઉદ્ધાર માટે જ તે મથે; ને મૌન પાળતો હોય કે ઓછામાં ઓછું બોલતો હોય; તેનો ચહેરો શાંત, ગંભીર હોય ને તેની સમીપ પહોંચતાં જ તેની ભવ્યતાની અથવા સાધુતાની છાપ પડે એમ હોય; વગેરે વગરે. જો તે ખડખડાટ હસતો માલુમ પડ્યો કે કોઈ સાધારણ પ્રવૃત્તિમાં મશગુલ થતો દેખાતો તો દુન્યવી વિષયોમાં રસ ધારણ કરતો અને તેથી 'ક્ષુલ્લક' બાબતો વિશે છૂટથી વાતો કરતો જણાતો, તો બસ ખલાસ - તે ગમે તેવો મહાન હોય તો પણ લોકોની નજરે જો એ બહુ બહુ તો પોતાને ભારે શક્તિ અને બુદ્ધિથી તેમના ઉપર પ્રભાવ ને સત્તા બેસાડનાર ને પોતા તરફ બધાને આકર્ષનાર છતાં તોય એ પણ 'દુન્યવી' એટલે પાર્થિવ ભૂમિકામાં વિહરનારો જ લાગે.

લોકોની આવી સમજણ પ્રવર્તતે એમાં તેમનો પણ શો દોષ ? જીવનમુક્તની વિશિષ્ટતા કોઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહિ પણ મન અને હૃદયના સૂક્ષ્મ પ્રદેશમાં રહેલી છે તે જોવા માટે તો સૂક્ષ્મદૃષ્ટિ જોઈએ. તેના કપાળે કંઈ 'લેબલ' - ચિઠ્ઠી ચોટાડેલી હોતી નથી કે એવી કંઈ બાહ્ય નિશાની કે ચિહ્ન હોતું નથી કે તેને તેના સાચા સ્વરુપમાં જાણી શકાય. કશાનેય પણ બરાબર

જાણવા ને તેનું હાર્દ પિછાનવા જરૂર રહે છે - કદરભક્તિભર્યા ભાવુક સપ્રેમ અભ્યાસપૂર્ણ અનુશીલન પરિશીલનની.

મુક્તાત્મામાં માનવી પ્રત્યે દયા નહિ પણ દિવ્ય અનુકંપા ભરી પડેલી છે. એ નિષ્ઠુર નથી. દયાહીન નથી. જગતમાં દુઃખો - સંઘર્ષો અને ઉલ્કાપાતો વચ્ચે પણ એ નિશ્ચલ રહેતો જણાય છે. તેનું કારણ એ છે કે એને અનુભવ છે કે વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વિના - પોતાની મેળે - થવાનું તે યોગ્ય ગણે છે. તેથી તે નિશ્ચેષ્ટ પણ રહે છે કે દેખાય છે. વળી તેની માત્ર સૂક્ષ્મ કે મૂક અનુકંપા બીજાઓની દોડધામ કે ધાંધલિયા પ્રવૃત્તિ કરતાં ક્યાંયે વધુ અસરકારક છે. કેમ કે એ સક્રિય છે. તેનો તેને એકલાને જ અનુભવ છે. કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતા નતી, કારણ કે તે કાળચક્રની ગતિને પારખતો હોય છે. આમ તે જ્યારે કાળને પારખે છે ત્યારે તે તેનાં કારણો શોધવા નથી બેસતો. વિસંવાદિ ઘટનાઓમાં તે સંવાદ જોઈ શકે છે અને અનુભવી શકે છે. એને ‘હું’ જેવું કશું નથી તેથી તેને કશામાં રાગ નથી. વિધિની કૃતિઓ એને હચમચાવી શકતી નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી. એના વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી. તેથી નૈતિક સિદ્ધાંતોની કે આલંબનની જરૂર રહેતી નથી. એને કશું ભૂલી જવાપણું નથી ને યાદ રાખવાપણુંયે નથી. પ્રકૃતિ ને પુરુષનું તે એકીકરણ છે. એ કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. એ કોઈનું અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમયોચિત વર્તન થાય નહિ. એને બીજા કોઈ સાથે સરખાવી શકાય નહિ એવો એ અનુપમેય અને અનોખો છે. તે અત્યંત ગતિમાન હોવા છતાં - યા તો કારણે જ બહુ સ્થિર છે, પેલા ભમરડાની જેમ.

ટૂંકમાં એ માનવી વ્યક્તિ હોવા છતાં માનવી વ્યક્તિ નથી, પરંતુ જે વિરોધાભાસી ગુણોનું વર્તન આપણે પ્રભુ વિશે કરીએ છીએ એ પરમતત્ત્વનો એ શરીરધારી આવિર્ભાવ છે.

મુક્તાત્માનો કાયદો બધો અંતરનો હોય છે. નિયત હોય છે ખરા ને નથી પણ હોતા. તેથી ત્યાં નર્યું માનવીના અજ્ઞાન જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે, એમ માનવીની ભૂલમાં નથી પડવાનું. તેને તો જે તે બધું દીવા જેવું સ્પષ્ટ દેખાતું હોય છે. તેથી એને સ્થળ, કાળ મર્યાદાની સમજયણ રહે છે ને પ્રત્યેકમા ઉદય, સ્થિતિ ને ભાવનાની પણ સમજણ સહજપણે - નિમિત્ત થવાતાં - પ્રગટ્યા કરે છે. જેમ આરસીમાં કૈંક સામે આવતાં દેખાય છે તેમ, એવો એ જાણે એ હાલતોચાલતો ન હોય એમ પ્રવર્તે છે. તેના પેટનું પાણી પણ ન હાલતું હોય તો એટલા વેગવાળું હોય, કે તેની લાગણી-ભાવના - તે વેળાની કોઈ પણ માનવીની લાગણી ભાવના સાથે સરખાવી શકાય તેવી હોતી નથી. એ કશામાંથીયે ચલિત થતો

નથી. જે ચલિત થાય છે એની સહજગતિમાં સ્વયંભૂ ગતિમાં ચલિત થતો હોય છે. તે કદી મૂંઝાયેલો હોતો નથી. તેવી રીતનો દેખાવ કે આપણને લાગે પણ એમની ભૂમિકા તો તદ્દન શાંત પ્રકારની હોય છે. તટસ્થ રહેવાની જીવતી કળા તેને સાંપડી ગઈ હોય છે એટલે તેનામાં આનંદ જ પ્રવર્તતા હોય છે.

મુક્તાવસ્થા પ્રાપ્ત થયા બાદ તેવા આત્મામાં સામસામા જણાતા એવા ગુણોનું પ્રાકટ્ય થતું તે અનુભવી શકે છે, જેમ કે કૃપા અને અવકૃપા. દયાળુપણું ને કઠોરતા, પરવા ને બેપરવાપણું, ગુણ અને અવગુણ. આમ તે પોતે કોઈ પણ સંસ્કારો કરતાં પ્રેમભાવના, ગુણમાં શ્રેષ્ઠ થતો જાય અને તે સાથે સાથે પ્રેમના પ્રદેશમાં રહી શકતો પોતાને અનુભવી શકે છે. એવાનું પછી ચોક્કસ કશું ધોરણ કે માપ રહી શકતું નથી. એ પછી કોઈ ચોકઠામાં પણ રહી શકતો  હોતો નથી.

મુક્તાવસ્થા એટલે સ્વચ્છંદતા નથી; આપણી માનુષી whims મનના તુક્કા કે તરંગો પ્રમાણે તેમાં ચાલવાનું નથી હોતું. લખલૂટ ખર્ચ કરતો હોવા છતાં વૈભવવિલાસ ભોગવતો હોવા છતાં યા ઘરેઘરે રખડતો ને ભીખ માગતો હોવા છતાં, બૈરાંછોકરાંવાળો હોવા છતાં, તેમજ વેપાર ખેડતો હોવા છતાં, ટૂંકમાં ગમે તે ક્ષેત્રમાં ગમે તે પ્રકારે તે હોવા છતાં તે મુક્ત થઈ શકે છે - મુક્તાવસ્થામાં જેમ સ્વૈરાચારા કે વિહાર નથી તેમ તેમાં કશા બંધન પણ નથી. તેમાં આમ જ વર્તાય એમ પણ નથી, કારણ કે મુક્તને એવા કશા વિધિનિષેધ નથી. સામાન્ય રીતે એ જે કરતો હશે તે આપણી સમજમાં નહિ આવે અથવા ન યે આવે, કારણ કે એની સમજ ને આપણી સમજમાં ફેરફાર હોય છે.

જીવન જ્યારે ચેતનમાં નિષ્ઠા પામે છે ત્યારે એનામાં રહેલો પુરુષ જાગૃત બની જાય છે. પુરુષના આધાર વડે એની અનુમતિથી પ્રકૃતિ બધાં જ કામ કરતી હોય છે. પુરુષ નિષ્ક્રિય છે ખરો અને તદ્દન પાછળ રહે છે, પરંતુ ચેતનની દશામાં તે સભાન અને પૂરેપૂરો જાગૃત બને છે. તેનામાં તે વેળા સાક્ષીપણું, ભર્તાપણું તથા સમતા, તાટસ્થ્ય આદિ ગુણો જીવતા થયેલા છે એટલું જ નહિ, પરંતુ જે તે રીતે કામ કરતા થઈ ગયેલા હોય છે. એટલે પ્રકૃતિ અને એના ત્રણ ગુણો અને ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાં જેમ પ્રવર્તતી હોય તેની સાથે તે ઓતપ્રોત નથી, પરંતુ સાક્ષીરૂપે રહે છે. પોતાની સંમતિની મહોર ક્યાં આપવી અને ક્યાં ન આપવી તેનું જ્ઞાન મળેલું છે.

મુક્તદશાને પામેલા આત્મા આપણા વિશે કશી ગેરસમજૂત કરતા નથી. આપણે પોતે જ એના વિશે ગેરસમજૂત કરતા હોઈ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય તો એને જીવનમુક્તનું લેબલ ન લગાડી શકાય. આપણે ઊભા રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર અને જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તે ઊભેલા નથી. આપણામાં સમજણ, માપ, ધોરણો એ બધાં બહુ

બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલા હોય છે. ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યા નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે. જયારે તે લોકોનું કશું એવું ભાન હોતું નથી. પરંતુ એનો અર્થ એવો નથી કે એ લોકો અનૈતિક છે. તેઓ જીવનની પરમ આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાં પસાર થઈ ગયેલા હોય છે; જેમ હોડીમાં બેસીને નદી પાર કર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાયે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનાના ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી. એવા લોકોને આપણા માપ, સમજ, ગણતરી ને કલ્પનાથી માપવાનું કરવું એ જ અજ્ઞાન છે. સંત આપણને કદી ગેરસમજૂત ન કરે. એ તો ભૂલેલાનો જેટલો છે તેટલો કોઈનોય નથી - જો પેલો તેમનો થવાને હૃદયથી ખરેખરું ઝંખતો હોય તો.

જીવનમુક્ત થતાં એને કર્મ નથી હોતાં એમ તો નથી. જેમ બ્રહ્મ નિષ્ક્રિય હોય છતાં પાછો ક્રિયામણ પણ છે તેમ જીવનમુક્ત કર્મ કરતો હોવા છતાં તેમાં નિષ્ક્રિયપણે રહી શકે તે પ્રકારનાં શક્તિ. જ્ઞાનભાવવાળો તે પ્રકટેલો પણ હોય છે, એટલે એને કર્મ નથી એમ ભલે કહી શકાય.

આત્યંતિક અનુભવ કયાં જઈને વિરમે છે એમ નિશ્ચયાત્મકપણે કહી શકાતું નથી. તે કારણથી પણ જ્ઞાનયુક્ત ચેતનાપ્રેરક તટસ્થતાની અત્યંજ જરુર રહે છે. એવાને (મુક્તને) લાગણી, વૃત્તિ, વિચાર વગેરે નથી થતાં એમ તો નથી, પણ એ એને આવવા દે છે એ તો જેમાં તેમાં નિમિત્ત સંપર્કથી તેવું તેવું ઉદ્ભવે છે ને એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવાની કળા એવાને પ્રાપ્ત થયેલી હોય છે.

મુક્તાવસ્થા પ્રાપ્ત થતાં એક એવી અવસ્થા બની રહે છે કે જેમાં પ્રાકૃતિક ઈચ્છા, આશા, કામના, અહમ્ વગેરે વગેરે ઉત્પન્ન થવા દીધા વિના, પોતે એકાગ્ર ને કેન્દ્રિતપણે પ્રભુભાવમાં સતત એકધારો રમી મૌન મંદિરોની હયાતિ જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રી ભગવાનના અનુભવ તથા ભગવાનમય જીવન કાજે જ છે. જે 'જીવ' ને જીવન વિશે મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કરીને પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે. ખાલી ખાલી પડી રહેવા કાજે આ સ્થળ નથી. મકાન હવડ રહેશે તેનો કશો જ વાંધો નથી. પણ જીવો જો હવડ પડી રહે તો શ્રીમોટાને ઘણો ઘણો વાંધો છે.

સર્વધર્મ અને સર્વજાતિના નરનારી અત્રે પ્રભુભજન માટે બેસી શકે છે અને પોતાનું ઈષ્ટ સાધન કરી શકે છે.

મૌનમંદિરમાંથી સાધનાને અંતે મજરિયાત નિવેદન લખી દેવાની વૃત્તિ થાય છે. ત્યાં તેણે એટલો સમય કેવી રીતે પસાર કર્યો, કેવા અનુભવો થયા, કેવું લાગ્યું વગેરે પ્રામાણિકતાથી લખવા કહેવામાં આવે છે જે વાંચીને બીજાંને માર્ગદર્શન મળે.

# ૫. પાથેય પૂરું પાડતાં મંદિરો

શ્રી વિષ્ણુકુમાર દવેએ સાધકોનાં નિવેદનોને આધારે લખેલા એક લેખમાં લખ્યું છે :

આ ‘મૌનમંદિરો’માં સને ૧૯૭૦ સુધીમાં ૪૫૦૦ જેટલી વ્યક્તિઓએ મૌન-ઉપાસના કરી છે. મૌન-ઉપાસનાનો સમય ઉપાસકની શક્તિ ઉપર આધારિત હોય છે. કુંભકોણમ્ અને સુરત આશ્રમોમાં મળીને એક ૨૩ વર્ષના કેનેડિયન ભાઈ શ્રી રોબિને સવા વર્ષની મૌન-ઉપાસના કરી છે. ઉપાસકો ઘણું મોટું જીવન - પાથેય લઈને બહાર નીકળતાં હોય છે.

‘મૌન-મંદિર એટલે એટમ યુગની પ્રયોગશાળા’ એવું આધુનિક યુગને અનુરુપ પણ એક ઉપાસકે વર્ણન કર્યુ છે.

મનાદિકરણની દરેક પ્રવૃત્તિ મોળી પડે અને સ્વભાવ - પ્રકૃતિમાં ફેરફાર થવા જાય તે માટે આ મૌન-એકાંત મંદિર નામ-સ્મરણ માટે ઉત્તમ સ્થાન ગણાય. એમાં મારા આંતરિક રોગોને નિદાનાયા અને પ્રેમપૂર્વક સારવાર કરવામાં આવી.

એક સાહિત્ય-ઉપાસક આ મૌનમંદિરની અસર વર્ણવતાં લખે છે કે ‘‘કાલિદાસના શબ્દોમાં કહું તો **शान्तमिदमाश्रमपदम्** એવી મન ઉપર અસર થઈ.’’

‘વળી મનનો ગંદવાડ હરિસ્મરણથી બહાર ફેંકાય છે.’ એવો એકરાર કરી હરિ સાથે એકતાર ભૂમિકા બાંધી આપે છે.

અને ‘મૌન અને નામ-સ્મરણના અભ્યાસથી મન સાથે સંગ્રામ કરવાની તાકાત વધશે’ અને બીજા ઉપાસક કહે છે.

અહીં પૂજ્ય શ્રીમોટા (સૂક્ષ્મ રીતે) હાજર હોવાને કારણે ઓરડામાં - કોટડીમાં પુરાવાની સજા થતી નથી પણ ખૂબ આનંદ થાય છે. આથી જ એક ઉપાસક બહેન બોલી ઊઠે છે કે ‘શ્રી મોટા ! મારી મા ! એમ હું હૃદયથી વાંચ્છતી, કારણ કે આવા પ્રેમ મા અને પ્રભુ સિવાય કોઈ આપી શકે નહિ.’

પૂ. શ્રીમોટાએ માનવીના આધ્યાત્મિક વિકાસ માટે આયોજેલાં મૌનમંદિરો ‘મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા સાધકોને સત્ય તીર્થ સ્થાન છે.’

આથી જ એક ઉપાસક જણાવે છે કે, ‘આધ્યાત્મિક પંથના વટેમાર્ગુને થોડું ભાથું મળી ગયું છે. તે ખૂટતાં વધુ પાથેય માટે અહીં આવી દ્વાર ખખડાવશે.’

# ૬. નામ સ્મરણ

જે ચાલતા છે તેને કશી ગૂંચ નડતી નથી. ચાલનારા તો ગૂંચ, મુશ્કેલી, અથડામણ, મૂંઝવણ, અકળામણ, સંતાપ, ત્રાસ, દુઃખ - એ બધાંને યોગ્ય રીતે ઉકેલીને આગળ જવાનું જ સમજે છે. ચાલવાનો જ જેણે દૃઢ નિશ્ચય કરેલો છે, તેને કોઈ પણ જગતમાં અટકાવી શકે એમ નથી; એવી એની ખૂબી છે.

મનની સ્થિતિ જયારે જયારે રચનાત્મકપણે યોગ્ય પ્રકારની ન રહે, ત્યારે ત્યારે તેમાં ભેરવાઈ પડવું નહિ; પરંતુ તેવી સ્થિતિમાંથી નીકળી જવાને સમજપૂર્વક મથવું. જેણે ચાલવાનું જ નક્કી કર્યું છે, તેનું ચાલવાનું બંધ થતાં, ચાલવાનું બંધ થવાનું કારણ તેવો 'જીવ' તે તે પળે વિચારીને તેવા કારણથી અળગો બનીને પાછું ચાલવાનું આદરી જ દે છે. એવું જે 'જીવ' કરે છે તેણે જ સમજવું કે ચાલવાનો સાચો નિર્ધાર થયેલો છે. કયાંક કશાકમાં ભરાઈ પડીએ ત્યારે મનહૃદયથી પ્રબળ ભાવનાપૂર્વક સ્મરણ કરવું. જો તેમ કર્યા છતાં પણ મનનો બોજો, મનનો સંતાપ, મનની ચિંતા, મનની મૂંઝવણ, મનની અથડામણ, મનનો ત્રાસ વગેરે બધું હળવું પડતું ન લાગે તો જેને તમે જીવનના ગુરુ માનેલા છે તેને મનહૃદયથી ભાવનાથી નજર સમક્ષ પ્રગટ કરવા અને એમ મનહૃદયમાં એને પ્રત્યક્ષ કરીને એની સાથે તે તે પ્રસંગોની વાતચીતો કર્યા કરવી. એમ કરવાથી જરૂર મનમાં પ્રસન્ન ચિત્તતા પ્રગટી જશે. આપણો જીવનનો ગુરુ એ માટીનું પૂતળું હોવા છતાં તેનામાં બીજું કશુંક છે. એનો જીવતો અનુભવ તો આપણે સમજણ અને ભાવનાપૂર્વક મન-હૃદયથી પ્રયત્નો કરતાં રહીશું તો જ થશે.

●●●

મારે મન તો ગુરૂ એ સ્થૂળરૂપ નથી, પણ ભાવના ચેતનારૂપ છે; અને એ રીતે એનું સ્મરણ એનો ચેતનભાવ - આપણો વિચાર, કર્મ, વ્યવહાર, સંબંધ આદિમાં - જીવતો રહ્યા કરવાનો અભ્યાસ કેળવતાં રહીશું તો આપણને હૃદયમાં અનુભવ થવાનો જ છે.

●●●

નામનું સતત સ્મરણ થવું એ કંઈ સહેલી વાત નથી. કોઈ જીવ ભગવાનનું નામ એમ ને એમ લઈ શકતો નથી. સતત ભગવાનનું નામ લેવું એ હાંસી ખેલ નથી.

આટલી બધી કાળજી, જાગૃતિ રાખ્યા છતાં નામસ્મરણ સતત રહેતું નથી. તો ઘરેડ પ્રમાણે કેમ રહી શકે? અને ધારો કે ઘરેડ પ્રમાણે રહે તો પણ તેનું પરિણામ નકામું જતું નથી. જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં ખેતરમાં ખાતર નાંખીને તેને ખેડીને પોચું બનાવે છે અને પછી બી નાંખે તો, અને ભગવતકૃપા રૂપી વરસાદ વરસે તો એમાંથી મબલખ શુભ પરિણામ નીપજ્યા વગર રહેતું નથી. પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડ-ખાતર ન કરે અને બી વાવી દે તોયે થોડું ઘણું ઊગ્યા વિના રહેતું નથી. કંઈ નહિં તો ઢોરને ખાવાનાં રાડાં પણ પાકે. એમ ભગવાનનું નામસ્મરણ ખાતર-ખેડ કર્યાની માફક એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંને નામસ્મરણ ઊગી નિકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યા કરવાનું રાખીને નામ લીધા કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આને માટે અત્યંત, અપાર ધીરજ ને ભારે પુરુષાર્થની જરૂર છે.

જપનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે. જપ આખરે તો એક ભાવ જ છે. જો જપ હૃદયના ધબકારા સાથે આપણે બરાબર કર્યા કરીએ તો ધ્યાન પણ આપોઆપ ત્યાં રહેશે. એ અભ્યાસ સ્થિર થતાં જપ હૃદયમાંથી સ્વતંત્રપણે થયે જશે ને જો એમાં ભાવ ઉમેરી શકાયો તો ધારણા પણ રહ્યા કરશે. એમ ત્રણે જપ, ધ્યાન ને ધારણા બરાબર થશે.

કોઈનાય સ્મરણે ઊર્મિ જાગતા કે કોઈ પણ લાગણીને ઉદ્યક્ત થતાં તેનો સદુપયોગ જપભાવથી કરી લેવાનો થઈ શકે છે.

જપ ભાવુક અને સાત્વિક તો અંદરથી ચાલ્યા કરતો હોય તે જ સારો. પણ જેમ આદર્શને એકદમ પહોંચી શકાતું નથી, જે રસ્તે જેને પહોંચવાની શક્યતા જણાતી હોય તે માર્ગ હાલ લેવો સારો. એટલે મોટેથી જપ કરાય તો વાંધો નથી; પણ ક્રમશઃ જીભ માત્ર હાવીને, મનમાં જપ થઈ શકે અને અંતે તો અંદરથી હૃદયમાંથી આપોઆપ તે થયે જાય. જપના ધ્યેયને જો ભૂલીશું નહિ, તો યાંત્રિક જડ ટેવ પડવાની નથી ખરા અર્થમાં ધારણા એ તો કર્મમાંથી પરિણામ પાડનારી અસર છે. મુખ્ય તો હૃદયના ધબકારા સાથે ખૂબ ભાવાવેશ સાથે જપ થાય એ જરુરી છે.

પ્રતિદિન જપ બોલવામાં આપણને ઉમળકો વધ્યે જવો ઘટે. જપનો હેતુ શ્રીભગવાનનું ભાવાત્મક સાતત્ય જીવતું એકધારું રહ્યા કરે તે કાજેનો છે. જપ એ તો માત્ર સાધન છે. સાધન એ તો સાધ્યનો, ધ્યેયનો, મેળાપ કરાવનાર હોવાથી, તે દૃષ્ટિએ સાધનની તેટલી મહત્તા છે. માત્ર

સાધનને જડપણે ખાલી ખાલી પકડી રાખનાર કદી ધ્યેયને હાંસલ કરી શકતો નથી. તેથી આપણે ધ્યેયને ભૂલવાનું નથી. પણ તે જીવ કોઈ પણ પ્રકારનું સાધન લેવાનું જ  કરતો નથી અથવા જે 'જીવ'ને સાધનાની ભાવનાની ધારણા કોઈ ને કોઈ પ્રકારે જીવતી રહી શકે છે. એ જીવને ધ્યેયને પામવાની અવધિ લાગશે નહિ. એકધારી રીતે જપ ભલે ના થઈ શકે, પણ જે હેતુથી તે લેવાતો હોય, તેને દિવસના સળંગ વહેવારમાં અંતર્ગતપણે જાળવી શકાય, તો એનું નામ પણ જપ છે. જપ તો સ્થૂળ છે, પરંતુ તેનાથી ઉત્પન્ન થતી ભાવના જ મહત્વની છે.

બીજા કર્મોમાં આપણે પરોવાયેલાં હોઈએ ત્યારે શરીરનો કોઈ પણ સહેજ છૂટો પડેલો ભાગ જેમ કે પગનો અંગૂઠો, હાથનો અંગૂઠો કે આંગળી હલાવ્યા કરવાનો ને તેની સાથે જપયજ્ઞ ચાલુ રાખવાનો અભ્યાસ તેની તેવી સજીવ જાગૃતિ સાથે પાડ્યા કરવાથી તો બીજું કામ કરતાં કરતાં પણ અંતરમાં સ્મરણ ભાવની ધારણા જરૂર ચાલુ રહેશે. આવી ભાવનાતી જ્ઞાનપૂર્વક થતો રહેતો પ્રયોગ ચાલતાં, ઊઠતાં, ફરતાં, બેસતાં રોજની હરેક ક્રિયાઓ કરતાં કરતાં સ્મરણભાવથી ધારણા જીવંત રાખવામાં સરળતા પ્રકટાવે છે. જો કે આવું પણ એકદમ કંઈ નહિ થઈ જાય.

શરૂ શરૂમાં માનસિક જપ થવો શક્ય નથી. મન તો સંકલ્પ-વિકલ્પ કરી શકે તેથી જપની સ્મરમભાવની ધારણાનો એકધારો અભ્યાસ બોલી-બોલીને પાડવાનો રહે છે. જયારે અજપાજપ પ્રગટે છે ત્યારે જ માનસિક જપની ધારણા રહી શકે છે. બાકી તો આપણે માનીશું કે મનમાં જપ થઈ રહેલા છે અને જપનું થવું તો કયાંકે ગેપ થઈ ગયું હશે, એની ખબર પણ નહિ પડે.

જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટુ, સહજ, સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂંકો હોય તો ઉત્તમ; જે જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ ને મૃદુ, તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધું સારું - શબ્દમાં ત્રણ સ્થળ છે : નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર - જપ એવો હોવો ઘેટે કે એ ત્રણને સ્પર્શી શકે. એક એક સ્થળ ઉપરથી જપના પ્રત્યેક અક્ષરનું ભાવપૂર્વક હેતુની સળંગ ધારણા સાથે ઉચ્ચારણ થાય તો તે સાધના અતિ ઉત્તમ છે. જપ-મંત્ર શ્વાસોચ્છવાસ અથવા નાડીના ધબકારા સાથે લેવાય તો ઉત્તમ. જપને યજ્ઞ કહેવાનું કારણ એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે. એટલે આપણે મનાદિકરણનું જે જે બધું ઊભરે તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિપૂર્વક હોમ્યા કરવાનું છે.

મંત્ર એકધારો, નિરંતર હૃદયથી લેવાયા કરાય તો તેવા મંત્રના ઉચ્ચારણમાંથી પ્રગટતી ધારણાથી જ્ઞાનતંતુઓ Tone-up - પ્રાણવાન થાય છે. તેથી સમતા ને શાંતિ પ્રગટે છે. એવી સમતા ને શાંતિ જયારે જ્ઞાનતંતુઓમાં પ્રકટીને તેની ટોચ પણ પહોંચે છે, ત્યારે શરીરના રોગને પણ નિવારવા શક્તિમાન બને છે. જપમાં આ કારણે ગંગાના પ્રવાહ જેવી સતત, એકધારી સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરુરી છે. તે વિના જપ પૂરા અસરાકરક નીવડી શકતા નથી. જયારે જપમાં એવી ભાવનાત્મક નિરંતરતા પ્રકટે છે ત્યારે કરણોમાં પ્રાકૃતિક વલણોને યોગ્યપણે પ્રગટાવવામાં તે પ્રેરણાત્મક બને છે.

જપ એટલે ચેતન-ભાવનું સાતત્ય અખંડ રહેવું તે. મનને ચેતન પરત્વેના સદ્‌ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જપયજ્ઞ. મનનો સ્વભાવ જયાં લગી ચેતન પરત્વેની રસાર્દ્રતા અને આર્તતાવાળી ભૂમિકાયુક્ત ન બની જાય ત્યાં લગી તે યદ્વાતદ્વા રહ્યા કરવાનું; એટલે હૃદયથી એવા સદ્‌ભાવમાં રહેવાનો જેટલો જ્ઞાનયુક્ત અભ્યાસ વધે એટલું ઉત્તમ.

નામસ્મરણનો પ્રભાવ અપરંપાર છે. દિવસના સમયનો વધુમાં વધુ સમય જો એમાં આપી શકીએ, આપણી બધી શક્તિના સરવાળાનો મોટો ભાગ એમાં ખર્ચીએ, તો ભાવનાની સળંગતા પણ પ્રગટી શકે. નામસ્મરણની ભાવના જેને દિલમાં ઊગીને, તે પ્રમાણે જાગૃત બનીને, ઊર્મિ સહ તેમાં પરોવાઈને તે તરફ વળવાનું દિલથી બને તો તેને તે માર્ગ પરત્વે વળી શકવાની પૂરી શક્યતા છે.

સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળ જીવન નભી શકે છે, પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજાં સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંય નામ ચઢી જાય છે. દિવસભર જમ્યા વિના જીવી શકાય પણ જેને ભગવાનને શરણે જવું છે તેવાને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે.

કંઈ પણ કામ કરતાં કરતાં પણ જો ભાવપૂર્વક નામસ્મરણ રહ્યાં કરતું હોય તો એ કામ આપણે સાધનાના એક સાધન તરીકે જ કરીએ છીએ. એવી ભાવના આપણામાં ઊંડી ઊતરતી જાય, કેમ કે આપણને ઊંડું ભાન તો એ સ્મરણને લીધે રહે કે આપણે એ કામ કરતાં ભગવાનની શક્તિનું આહ્‌વાન જાણ્યે-અજાણ્યે કરીએ છીએ, એટલે એ શક્તિ થોડીવત્તી પણ આપણામાં ઊતરે જ.

# ૭. શ્રદ્ધા

**(વસંતતિલકા)**

તેં પાપના કીચડમાંથી બહાર કાઢી,
દીધો પ્રકાશ મુજને ધપવા અગાડી;
મૂર્ખાઈથી બૂઝવી દીપ હું નાંખતો તે
પાછો મથું ફરીથી ચેતવતા પ્રભુ, તે.
તારો લીધેલ નહિં છોડી દઈશ કેડો,
ના આવશે જહીં સુધી, ન મૂકીશ છેડો,
લાંધ્યા કરીશ તુજ દ્વાર પડ્યો રહી હું,
શ્રદ્ધા, હું ઉર પીગળાવી શકીશ તારું.
કોને કહું હૃદય-પીડ થતી ઊંડી જે?
માને ન કો, મૂરખમાં ગણી કાઢતા ને,
તુંયે ન કાન ધરતો કરવું હવાં શું ?
છાનું રડું કૂટી કૂટી શિર નિત્ય મારું.
મારે નથી તુજથી કાંઈ પ્રભુ, વધારે,
માંગી જ લે, મુજ થકી પ્રભુ, જોઈએ તે,
તારું જ જયાં સઘળું છે, વળી હુંય તારો,
મારું કહી તુજ પદે દઉં શું પછી તો ?
વાંકા બધા જહીં સુધી રાહ જો ! પડ્યા છે;
કોટિ કર્યે પણ ઉપાય ન કામ ધારો;
તોયે હું બેસી કર જોડી નહીં રહીશ,
મારાથી જે બનતું સર્વ કર્યા કરીશ.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયામાં ધરી હામ બહાર નીકળ્યો હું આવવા તું - કને,
હું છું બાળ, ન ભોમિયો, ચઢી જતાં આડો પ્રભુ, શું થશે ?
તારો તું ધ્રૂવ ધ્યેય બાળ મુજ છું, સામે જ એને પ્રભુ,
રાખી દૃષ્ટિ મહીં જ જેમ ડગલાં હુંથી ભરાતાં ભરું.

# ૮. તુજ પાસ માગું

(વસંતતિલકા)

લજ્જા મૂકી દઈ બધી તુજ પાસ માગું,
કે રંગી દે પ્રભુ, મને તુજ રંગમાં તું,
ને ઓતપ્રોત વણી ભેળવી દે મને તું,
તું - સાથ એક કરી મસ્ત બનાવજે તું.
હું દુઃખમાં પણ મજા, પ્રભુ, ભોગવું છું,
તેથી જ માર તુ જ હું જીરવી શકું છું,
બાકી રહ્યો ન હત કૈં જીવતો હજી હું;
આભાર એ તુજ પ્રભુ, કયમ ભૂલી જાઉં ?
તારું પ્રભુ, કિરણ-તેજ ઉતારવા હું,
મારે હૃદે સતત નિત્ય મથ્યા કરું છું;
પાણી મથું બનાવવા સ્થિર, સ્વચ્છ મારું,
કે જેથી ત્યાં પડી શકે પ્રતિબિંબ તારું.
કૈં દોષ આવરણ જે મુજમાંહિ હોયે,
તે બાળી સર્વ કર ભસ્મ કૃપા-કટાક્ષે,
મારો બધોય મળ, ત્રાસ, નિવારજે ને
તારી પરે પ્રભુ, મને દિલ વહાલ દે જે.
પ્રારબ્ધ-કર્મ, પુરુષાર્થ વડે બધા યે,
બાળી જ નાંખીશ પ્રભુ, જડમૂળથી એ,
ચોળીશ રાખ પછી એની બધા શરીરે,
તેવી દશા મુજ થવા પ્રભુ, તું કપા દે.

# ૯. શ્રી મોટાનાં વિચારસ્ફુલિંગ

- સાધનામાં આગળ જતાં એક એવો તબક્કો પ્રગટે છે કે જયારે સાધના એક નિર્બંધ રીતે સર્વાન્તરયામી અને સર્વજ્ઞ આપણને દોરે તેમ દોરાવાની જ્ઞાન-ભક્તિપૂર્વકની જીવંત, ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક અને સ્વાભાવિક પ્રક્રિયા માત્ર બની રહે છે.
- બ્રહ્મચર્યપાલન કરવાની આવશ્યકતા આ માર્ગ માટે કેટલી બધી જરૂરની છે એનું મહત્ત્વ ને જ્ઞાન હોવું જોઈએ એટલું જ નહિં, પરંતુ સાથે સાથે સાધકનો પ્રાણ સૂક્ષ્મપણે કે સૂક્ષ્મરીતે પણ જાતીય વિષયવાસનામાં મુદ્દલે રસ ન સેવે, ન લે ને જે જે કંઈ કામવાસનાને પોષક હોય, તેવી લાગણીઓને અને વૃત્તિઓને ઉશ્કેરે તેવું હોય, તે સકળમાંથી પોતાની જાતને સાધક પૂર્ણપણે પાછી ખેંચી લેશે તે બાબતની હંમેશા ખૂબખૂબ જાગૃતિ ને ચોકસાઈ રાખશે.
- 'નમ્રતા' એટલે કાયરપણું નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્ક પાલન નહિ. દરેક પ્રકારનાં માન-આદર આપવાની નીતિ-રીતિ પણ નહિ. તે બધું નમ્રતાનું સ્વરુપ નથી. નમ્રતા આત્માનો એક ગુણ ગણાય. સાધક જ્ઞાનપૂર્વક નમ્રતાના ગુણને જીવનમાં પ્રગટાવી શકે છે ને તેણે તે પ્રકટાવવો પણ જોઈએ.
- કેવળ સમાજમાં રૂઢિ બંધનો તોડી નાખવા ખાતર એટલે કે સમાજ-સુધારાના હેતુથી જ કશી કોઈ પ્રવૃત્તિ સાધકે ન કરવી ઘટે. આપમેળે તેવો પ્રસંગ માથે આવી પડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું પણ નહિં કે ગભરાવું પણ નહિ.
- સાધન કે સાધન છે. નહિ કે સાધ્ય. ધ્યેયની સિદ્ધિને માટે સાધન છે. સાધન જો ઘરેડરૂપ બની ગયું તો તે વ્યર્થ છે. સાધનને ભાવનાથી પરિપૂર્ણપણે તેવા યોગ્ય વર્તનમાં પ્રકટાવ્યા વિના ધ્યેયને પામી શકાતું નથી.
- ધ્યાનમાં અમુક કલાક બેસાયું કે અમુક સાધન આમ થયું કે તેમ થયું અથવા અમુક રીતે દૃઢ રહેવાયું કે મક્કમપણે વર્તાયું, વ્યવસ્થા જળવાઈ, નિયમબદ્ધ ચલાયું - આ બધું ખાસ મહત્ત્વનું નથી. એ બધાના સાધનાના પરિણામે રોજિંદા કર્મવ્યવહારમાં ભાવના જીતવી જાગતી કેટલી રહે છે, એકમાં જ રમમાણ કેટલી રહી છે; ભાવનામાં ઉત્કટતાની માત્રા કેટલી વધે છે, તેવું બધું સાચું પ્રમાણ છે અને તેનું નામ સાચું ધ્યાન છે. ભલેને આપણે ધ્યાનમાં ન બેસી શકતાં હોઈએ, તો પણ ભાવના લક્ષ્યબિંદુ પરત્વે આપણી વૃત્તિ અવ્યભિચારિણી રહેતી હોય તો પેલું ધ્યાન કરવાની જરૂર ન પણ પડે, પરંતુ સાથે સાથે એ પણ ખ્યાલમાં રાખવાનું છે કે ઉપર વર્ણવી તેવી સ્થિતિ આપણી થાય એ સારું એકધારી આંતરિક તેમજ બહિર સાધનયુક્ત, ભાવપ્રેરક ચેતનવંતી સાધના કરવાની પણ ઘણી જરુર છે.

- આપણા સ્વભાવના વિકૃત વળાંકો આપણને ઘણા ઘણા ડંખવા જોઈએ. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક વિકાસની સાધનાને માટે તે ભારે અંતરાય રૂપ છે. આ બધું જ્યાં સુધી ડંખશે નહિ ત્યાં સુધી તેમાંથી મુક્તિ મળી શકશે નહિ. માત્ર નામસ્મરણ કર્યા કરીશું તો એની મેળે બધું રાગે પડી જશે એવી જે માન્યતા છે તે બરાબર નથી. જો કે નામસ્મરણ પણ પૂરેપૂરું સતત એકધારું કરી શકાવું સહેલું નથી અને સ્વભાવના પેલા વિકૃત વળાંકો તો એમ ને એમ કાયમ રહ્યા કરે છે.
- સાધકમાં જો ભાવના પ્રકટેલી ન રહ્યા કરતી હોય તો સદ્‌ગુરુના ભાવનો સ્વીકાર અને પ્રાકટ્ય સાધકમાં થતાં વાર લાગવાની, કારણ કે તો તો સદ્‌ગુરુના ભાવને પથ્થરનાં આવરણો કોરી કોરીને, ભેદીને ઊંડું ઊતારવાપણું રહેશે. કેટલીક વાર એ ભાવ ત્યાંનો ત્યાં સ્થિર પણ પડી રહે. એમ પણ બને કે એ ભાવ પોતાની અસરનો જોઈએ તેટલો ને તેવો ઉપયોગ કરતો ન લાગતાં પાછો પણ વળી જાય.
- સાધક ભૂલો તો કરશે, પરંતુ જો એમાં પણ સાધનાની ભાવના એ સતત રાખ્યા કરતો હશે, તો એને એની ભૂલો સમજાઈ જવાની છે તે તેમાંથી પાછો વળી શકનાર છે.
- જીવનમાં સંઘર્ષ પણ ઊભું છે ત્યારે હૃદય-મંથન થાય છે. એ મંથનમાંથી નવનીત તારવી લેવાની કળા જાણવી અનિવાર્ય છે. સાચી રીતે મથનારને એ આપોઆપ સૂઝે છે.
- કર્મના સંસ્કાર ચિત્તમાં સતત પડ્યા કરતા હોય છે ને પડેલા રહ્યા કરે છે. તે કયારે ઊગી નીકળશે કે ચોક્કસપણે કહી શકાય નહિ.
- જીવનના એકએક પ્રવર્તતા ક્ષેત્રની સર્વ પ્રકારે અને સર્વભાવે પૂરેપૂરી આંતરબાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થવી કદાપિ શક્ય નથી.
- બધો આધાર મનને રસ પડાવવા વિષે રહેલો છે. જેમાં મનને રસ છે, જે મનને ગમે છે, તેવું કામ કરવાને માનવી સર્વ કંઈ કરી ચૂકતો હોય છે.
- આપણાથી તદ્દન વિરુદ્ધ વિચાર કે આચારવાળાઓ પ્રત્યે પણ સહિષ્ણુ રહીએ કે રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરતી હોઈએ તો આપણી તટસ્થતા વધે છે.
- જેવું શુદ્ધ પાણીમાં મેલું પાણી ભળતાં થાય છે તેવું સદ્‌ભાવના સાથે જે જે બધું પોતામાંનું નિમ્ન ભળ્યા કરે છે, તેથી તેવું થાય છે ને પેલી સદ્‌ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે.
- સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું (નિમ્ન પ્રકારનું) ગુમાવવાપણું બનતાં જો અકળામણ, ભાર કે એવું લાગે તો સાધના માટે તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી તેમ જાણવું.

- સંસારને મૂકી દેવાથી કાંઈ સંસારથી અલગ થઈ શકાતું નથી. સંસારનો હેતુ તો જીવનના ફલિતાર્થે છે. સંસારથી અલગ થયે સંસારી મન એના વિચાર કરતું અટકી જઈ શકતું નથી.
- સંસાર તો ભગવાનનો જ વ્યક્તભાવ છે; એટલે એમાં (સંસારમાં) મનના દૃષ્ટિકોણને બદલવાનું આપણે શક્ય બનાવવાનું છે.
- સંતોને માત્ર જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું દળદળ ફીટી શકતું નથી. જયાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું 'ઉન્નયન' થતું ન અનુભવી શકીએ ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ.
- ગુરુ કે સંતની કૃપા - મદદ ત્યારે જ મળે કે જયારે આપણામાં તેવા દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં હોય. ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે.
- કસોટી અને મંથન જીવનવિકાસને કાજે ઘણાં મહત્ત્વનાં અંગો છે; તેના વિના જીવનનું હીર જાણી, પારખી શકાતું નથી.
- વિસંવાદ દેખાય છે ખરો, પરંતુ સુમેળ કે સંવાદ એ જ સારાયે સંસારનો ને જગતનો પાયો છે.
- આપણું ક્ષેત્ર સંસાર છે, પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી.
- સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી; કિન્તુ આપણે સંસારને વળગેલા છીએ; અને તેથી કરીને મનની સ્થિતિને જ માત્ર ત્યાં પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે.
- જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે ને વધારે સહેવું પડતું હોય છે. એ મારી દૃષ્ટિએ તો તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે તે જીવનની કેળવણી કાજે છે, જીવનના વિકાસ કાજે છે.
- સાધક હંમેશા પોતાનું જોવામાં ને પોતાને જ યોગ્ય રીતે મઠારવાને લક્ષવાન રહેતો હોય છે. એને બીજાની ઝાઝી પડી હોતી નથી. તે જેટલો એકલો પોતાનામાં કેન્દ્રિતપણે એકાગ્રતાથી વર્ત્યો જશે, તેટલા પ્રમાણમાં તે સમષ્ટિના મધ્યબિંદુને પણ સ્પર્શતો હોય છે. પોતાના જીવનની સર્વ પ્રકારે જે જીવ પૂરેપૂરી શુદ્ધિ કર્યા કરતો રહે છે, તે જીવ જગતની સાચી સેવા કરતો હોય છે.
- સાધકની ઘેલછા ને ધૂનમાં આંધળિયાપણું કયાંક નથી, ઝંપલાવવા કાજે કે યા હોમ થવા કાજે ઊલટાં એ તો જરૂરનાં અંગ પણ છે.

- કોઈનુંયે જીવ-સ્વભાવે કરીને અન્યથાપણે મનમાં લેવાઈ જવાતાં 'અરેરે! આ તો આપણા વહાલા ભગવાનનો દ્રોહ થઈ રહેલો છે.' એમ થાય અને તેથી કરીને પારાવાર પસ્તાવો ને દુઃખ થાય, તો જાણવું કે આપણે શ્રીભગવાનના ચરણકમળમાં શરણભાવ કેળવવાને સમર્થ થઈ શકવાના છીએ.
- ગુરુ એ કાંઈ સ્થૂળ નથી પણ 'ગુરફ્મ' એ એક બંધિયાર ખાનું છે.
- જ્ઞાની અને અજ્ઞાની બંને ભોગવે તો છે, (ઉપભોગ પણ કરે છે;) જ્ઞાની ઉપયોગની દૃષ્ટિએ ભોગવે છે; ને તેવાં જ્ઞાન, ભાન સાથે ભોગવે છે અને અજ્ઞાની માત્ર ભોગવવાનું જ કરે છે. જ્ઞાનીને ભોગવવું ઉપાધિરુપ નથી, જયારે અજ્ઞાનીએ ભોગવેલું તેને ઉપાધિરુપ નીવડે છે.
- જે જીવનું ભગવાનના નામનું રટણ ઘરેડની રીતે થાય અને એવા રટણની અખંડધારા સતત એકધારા - ગંગાધારવત્ જો પ્રભુ કૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ તેટલા તેટલા પૂરતું સુફળ મળ્યા વિના રહી શકવાનું નથી.
- જે જે કોઈ મળે તેનામાં જો જીવ તેના સદ્‌ગુણની ભાવના જોવાનું કેળવ્યા કરે, તો તે જીવમાં સદ્‌ભાવના જીવતી બનવાની શક્યતા ઊભી થઈ શકતી હોય છે. સર્વ કોઈના સદ્‌ગુણ જોવાની અને તેને પોતામાં ઉતારવાનું મન કરવાની કેળવણી તે પણ સાધનાનું એક અંગ જ છે.
- બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે તે એટલા માટે કે સત્યની શોધમાં પ્રવેશ કરાવવા આપણને તે સતત મથાવ્યા કરે છે.
- માનવી સાધારણપણે મળેલું કે કમાયેલું ધન યદ્વાતદ્વાપણે વેડફી જેતો હોતો નથી. પરંતુ જીવને નૈસર્ગિકપણે મળેલી કામવૃત્તિ આદિની મૂડી કે શક્તિ તે બેફામપણે નશાના ઘેનથી ઘેરાઈને સ્વચ્છંદતાપૂર્વક ગમે તેમ ને ગમે તેટલી વેડફ્યા કરે છે. તેમ કરવાથી તે વૃત્તિ આદિનું સ્વરુપ વિકૃત થતું જશે એવું ભાન પણ એને રહેતું નથી.
- જ્ઞાનપૂર્વકની જાગેલી મહત્તાનું સ્થાન ચિરંજીવી છે; જયારે મહત્તાથી અંજાઈ જવું એ તો જડ દશા પણ હોય; તેવી દશામાં વિકાસની ગતિ થવી શક્ય નથી.
- પ્રત્યેક માનવીમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે એટલું જ નહિ, પણ ભગવાન તો સાદ પાડતાં જ હોય છે. આપણે માનવી જ એની પાસે જતા નથી.
- સાધના - પંથે સર્વ રીતે અને સર્વ ભાવે ભિખારી થવું પડશે. ત્યાં નર્યું સુખ નથી. રાત-દિન જહેમત ઉઠાવ્યા કરવાની રહે છે.

# ૧૦. લાક્ષણિક અનુભવ

હરિ ૐ આશ્રમો-મૌન મંદિરોની સ્થાપનાનો વિચાર અમલમાં મૂક્યો તે પહેલાંની આ ઘટના છે. સને ૧૯૪૬માં એક સાધકે ૨૧ દિવસનું મૌન લીધું. મૌન અનુષ્ઠાનમાં ૧૪ દિવસ પછી તે ભાઈને હરસની પીડા ઊપડી. એમણે એનીમા લેવાની સંમતિ માગી પણ પૂજય શ્રીમોટાએ એમ કરવાની સંમતિ ન આપી, અને ન ગોઠે તો મૌન-એકાંતમાંથી નીકળી જવાનો વિકલ્પ બતાવ્યો. તે ભાઈને આ વાત ન રૂચિ. એમણે તે જ દિવસે ખોરાક ન લેવાનો સંકલ્પ કર્યો જેથી હરસની પીડા વ્યગ્ર ન કરી મૂકે. આથી મૌન-એકાંતનું છેલ્લું સપ્તાહ કેળવ પાણી લઈને જ ઉપવાસમાં પસાર થયું.

મૌન પૂર્ણાહૂતિની સાંજે તે ભાઈ બહાર નીકળ્યા અને રાતના અગિયાર વાગ્યા સુધી બહાર ખૂલ્લામાં સૂઈ રહ્યા. રાતના ૧૨ વાગ્યે સાત દિવસના ઉપવાસ પછી શાક અને મગનું જાડું પાણી લીધું. બીજે દિવસ દુન્યવી કામકાજમાં તેઓ પરોવાયા. પછી શ્રીમોટા સાથે થોડીક વાત કરવા બેઠા ત્યારે પવનનો સૂસવાટો થતો હતો એમ લાગ્યા કરતું હતું. આ બાબત તેમણે શ્રીમોટાને જણાવી એ ભાઈને ગળાની તકલીફ પહેલેથી ખરી, તે બહુ લાંબો સમય બોલી શકે નહિ. એમને માટે ‘બે માઈલ ચાલ્યા જેટલો થાક લાગે એથી વધુ થાક એક કલાક બોલતાં’ લાગે.

હવે, આગલા સાત દિવસના ઉપવાસ, આગલી રાતની માત્ર બે જ કલાકની ઊંઘ - આમ હોવા છતાં આ દિવસની રાતે એમનામાં કો’ક દિવ્યશક્તિનો સંચાર થયો હોય એમ એમણે રાતના દસ વાગ્યે હિન્દીમાં અને અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું. એમનું આ બોલવાનું ઘણા જ ઊંચા છતાં પણ મધુર અવાજે થતું હતું. એમણે પોતાના સ્વભાવનું, વલણનું, વૃત્તિઓનું પૃથક્કરણ વેગથી હિન્દી બોલીમાં કર્યે જ રાખ્યું.

હિન્દીમાં લાવવાનો એમણે લેશ પણ અભ્યાસ ન હોવા છતાં આમ બન્યું એ ભારે આશ્ચર્ય હતું. પોતાને એમ થયું કે આટઆટલી સાધના કરવા છતાં, ગુરુની ચાકરી અને પ્રેમ પામવા છતાં કશું પણ સમર્પણ થયું નથી અને થઈ શકતું નથી. આથી પોતાનું સર્વ સમર્પણ કરવું જોઈએ.

એમનાં પત્ની અને બીજા સ્નેહીઓને આ ભાઈની આ રીતની વાત સાંભળીને - અને એમની વાણીમાં અને અવાજમાં થયેલા પરિવર્તનને જોઈને ભારે આશ્ચર્ય થયું. આ ભાઈને માનસિક અસ્થિરતા તો નહિ પ્રગટે એવી દહેશત પણ થઈ એથી ચિંતિત પણ થયાં. પોતે જે કંઈ સતત બોલ્યે જતાં હતા છતાં પોતે લેશ પણ બેભાન નથી એવી ખાતરી કરાવવા ઘર તથા દુકાનની ઝીણી ઝીણી વિગતો જમાવી. પોતાના સ્વભાવ અને પોતાનાં પત્નીના સ્વભાવનું પૃથક્કરણ કરતી આ હિન્દી-અંગ્રેજી વાણીનો પ્રવાહ છેક સવાર સુધી ચાલુ જ રહેલ. રાતભર આમ બોલાયે જતું હતું ત્યારે પડોશીઓને એથી ખલેલ પહોંચશે એમ જણાવેલું હતું. અત્યંત જુસ્સાથી પણ ભાવપૂર્વક આ રીતનો વાણી-પ્રવાહ ચાલુ જ રહ્યો. વચ્ચે પાણી પીવાની પણ જરૂર જણાઈ નહોતા.

આ ભાઈ જયારે મૌન-ખંડમાં હતા ત્યારે બહારની બાજુ એક નાજુક છતાં વિલક્ષણ ઘટના બની ગઈ હતી. પડોશમાં રહેતી એક વ્યક્તિને ત્યાં રહેતો જેકી નામનો કૂતરો હડકાયો થયો છે એવો વહેમ આવેલો. આ કૂતરો શ્રીમોટા પાસે આવતો. ઘણી વાર એને ધમકાવીને કાઢી મૂકવામાં આવે તો પણ જમીન ચાટતો આવે. એ કૂતરાને પેલા સ્વજને બંદૂકથી ઠાર માર્યો. શ્રીમોટાએ કૂતરાનો અગ્નિસસ્કાર કર્યો અને એનાં અસ્થિ નદીમાં પધરાવ્યા. આ હકીકત તે ભાઈએ જાણેલી.

આ જેકીની વફાદારી આગળ પોતાની જાતને એ તૃષ્ણવત્ ગણાવવા લાગ્યા. એના સમર્પણથી અને અંતિમકાળે થયેલા એના ઉદ્ધારથી પોતાની ગુરુભક્તિમાં રહેલી

પોતાની ઊણપ એમને કણાની જેમ સાલવા લાગી. એમણે જે જે જુસ્સામાં બોલવાનું ચાલુ રાખેલું, એમાં એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે પોતાની તમામ મિલ્કત શ્રીમોટાને અર્પણ કરી દેવી. એ અંગે જે ચાર-પાંચ હજારનો સ્ટેમ્પનો ખર્ચ થાય તેનો વિચાર પણ ન કરવો. આ કામ પાર પાડવા રજિસ્ટ્રારને, વકીલને અને ડૉકટરને બોલાવવા એમણે પોતાનાં સંગાઓને કહ્યું. શ્રીમોટા આ વખતે હાજર હતા એટલે એમણે કહ્યું, 'હમણાં રહેવા દો' પણ તે ભાઈએ સ્પષ્ટ કહ્યું કે, 'આ પળ જ સમર્પણની પળ છે, નહિતર આવતીકાલે કે હવે પછીની પળે આ રીતે સમર્પણ કરવા તૈયાર ન પણ થાય.' અને જયાં પોતાનો આ સમર્પણ સંકલ્પ પાર ન પડે ત્યાં સુધી પાણી પણ ન પીવાનો સંકલ્પ એમણે જાહેર કર્યો.

આ કહેવા સાથે પૃથક્કરણ કર્યા કરતી વાણી તો નહોતી જ રહી. પોતે જે કાંઈ બોલે છે એ પોતે સાંભળે છે, સમજે છે અને પૂરી સભાનતાથી બોલે છે એમ એ જ પળે તટસ્થપણે અનુભવાયા કરાતું હતું. મનના બંને સ્તરો જુદા પડ્યા હોય એમ લાગતું હતું.

વકીલ, ડૉકટર અને રજિસ્ટ્રારની રાહ જોવાતી હતી. બપોરના બે વાગ્યા પછી પૂજ્ય શ્રીમોટાએ અગાઉથી બોલાવા જનાર વ્યક્તિને સમજાવેલું એટલે તેણે આવીને કહ્યું કે, 'આજે રવિવાર હોવાથી રજિસ્ટ્રાર બહારગામ ગયા છે, એટલે હવે કાલે જ કોર્ટમાં રજિસ્ટ્રેશન થઈ શકશે. આજે શક્ય જ નથી.'

તે ભાઈ જે સંપત્તિ અર્પણ કરી દેવાના હતા એની કિંમત એ કાળમાં પણ ઘણી જ હતી. પૂજ્ય શ્રીમોટા એ ભાઈના સમર્પણભાવને પામ્યા હતા એમ છતાં વ્યવહારની દેખીતી સપાટી પરનો એમનો સૂક્ષ્મ વિવેક ઘણી ઘણી બાબતો સૂચવી જાય છે.

આ ઘટના કેટલાંક તત્ત્વોને પ્રકાશિત કરે છે :

(૧) સાધકની આચાર-શુદ્ધિ જેટલા પ્રમાણમાં થતી હોય છે એટલા પ્રમાણમાં દિવ્ય અનુભવોની શક્યતા વધતી જતી હોય છે. સાધક પોતે એવી પળોએ પ્રભુનું 'યંત્ર' હોય એમ વર્તતો હોય છે.

(૨) આમ હોવાની મુક્તાત્માની વર્તન રીત કળી શકાય તેવી હોય નહિ, કેમ કે મુક્તાત્મા સંસારી ધોરણે વર્તતા નથી, કેમ કે એમના આધારોમાં એ દિવ્યતત્વ હંમેશ સક્રિય જ હોય છે.

પૂજય શ્રીમોટાની ચેતનાશક્તિનું ગૂઢ દિવ્ય-કાર્ય તેમ જ એ સાથે સાથે એમનું વિલક્ષણ તાટસ્થ્ય આ ઘટનામાં દર્શનીય બન્યાં છે.

વળી, પૂજ્ય શ્રીમોટાએ ધાર્યું હોત તો એ આખી મિલ્કત પોતાના નામ પર ચઢાવી લઈ શક્યા હોત, પણ તેઓએ Sex, Power and wealth એ પ્રાકૃત જીવનના મુખ્ય પ્રશ્નોને હલ કર્યાં હોઈ ધનની માલિકીનો મોહ ન હતો. તેમણે તો તે ભાઈને તે વેળા એમ પણ સમજાવ્યું કે, 'આ રીતે તમારું સઘળું ધન આપી દેવાથી પણ તમારી ધનની આસક્તિ જવાની નથી. અત્યારે આ ક્ષણે ભલે એની વિરક્તિ જાગી છે, પણ મૂળથી તો 'परं द्रष्ट्वा' - જે તે જાય. એટલે એમ સ્થૂળનું માત્ર સમર્પણ કર્યેથી આધારનું સમર્પણ થઈ શકતું નથી એ તો ચિત્તની શુદ્ધિ થયા બાદ અને અહમ્ ઓગળ્યા પછી જ શક્ય બને. એટલે સ્થૂળનો ઉપયોગ જ્ઞાનપૂર્વક સમજી સમજીને ए પામવાના હેતુ અર્થે કરો. એક આંચકે શિર કાપી દેવાને સ્થાને કટકે કટકે ધીમે ધીમે પોતાની જાતને કરવત તળે વહેરાવા દો ને તે કામ કપરું છે છતા તે જ કરવા જેવું છે.'★

★ આ અનુભવ શ્રી નંદુભાઈનો છે.

# ૧૧. શ્રી મોટાના પ્રાસંગિક ઉદ્‌બોધન

## (૧) સમાજનું ઋણ

એક વખત ગુરુમહારાજ કહે, 'અલ્યા ચૂનિયા, તારે માથે દેવું છે.' હું ગરીબ ખરો પણ મારે માથે ખાસ દેવું નહિ અને પગાર પણ મારો જૂજ. છતાં કહે, 'તારે માથે દેવું છે.' મેં તો ખૂબ વિચાર કર્યો અને ના પાડી. તો કહે, 'બે દિવસ વિચાર કરીને કહેજે.' ખૂબ વિચાર્યું. કોઈનું દેવું રહી ગયું હોય તો પણ વિચાર્યું, પણ કશી સમજ પડે નહિ. મેં કહ્યું, 'કોઈના પૈસા બાકી નહીં. હવે તમે કહો...' પછી મને કહે કે 'તું ખાય છે કે નહિ ?' તો રાંધવાને માટે લાકડાં કેટલાં જોઈએ ? તો કેટલાંક ઝાડ તેં બાળી નાખ્યાં ? માટે એટલા ઝાડ ઉગાડ.' અને ત્યારથી મેં ઘણા ઝાડ ઉગાડ્યા છે. એ પણ ઋણ હતું. અને ફળાઉ ઝાડ પણ ઉછર્યાં. એટલે જેટલા આશ્રમ છે ત્યાં એમ કર્યું. કેટલાં ફળ ખાઈએ છીએ ! એટલે જે ફળ ખાઈએ છીએ તે બીજાંએ આપણા માટે ઉછેર્યાં છે, એટલે એવાં અનેક પ્રકારનાં માથે દેવાં છે.

એ જ હેતુથી મેં તમને સ્વજન માનેલાં છે અને આ રીતે સમાજનું ઋણ ચૂકવાય. 'મોટા' આપણને ચાહે છે અને એની પાસે પૈસા નથી એટલે તમારી પાસે માગે છે. તેમ જ આ પૈસા જે મળે છે તેમાંથી હું કંઈ વાપરતો નથી, નંદુભાઈ કે ભીખુભાઈને પૂછી જોજો. વળી મને મળેલા પૈસામાંથી, મારો ભાઈ ખૂબ ગરીબ છે તેને એક પૈસો આપ્યો નથી. વળી મારાં લખેલાં પુસ્તકોનાં વેચાણમાંથીયે એક પૈસો એને આપ્યો નથી. તેમ જ તે વેચાણમાંનો તો એક પૈસોય રાખ્યો નથી.

- પ્રતિષ્ઠા ૭૪-૭૫

## (૨) 'વસ્તુનો ઉપયોગ અને કરકસર'

નડિયાદમાં કુબેરદાસભાઈ એકલા દેખભાળ રાખતા. અઠવાડિયામાં બે વાર આવે.

જાતે કોઠારમાં જોઈ જાય. અને બાકીની વસ્તુ પહોંચાડે. દુકાનમાં બહુ ઓછું ધ્યાન આપી શકતાં. છતાં એમનો વેપાર ચાલ્યા કરતો. હું તમને આ લલચાવવા નથી કહેતો, પણ આ કામમાં મદદ નહિ કરો તો નહિ ચાલે, ભગવાને મોડું કરાવ્યું તે પણ સારું થયું. આટલી ઓળખાણો થઈ છે. નહિ તો પહેલાં શરૂ થાત તો આશ્રમ ચલાવવો કેવી રીતે એ પણ પ્રશ્ન રહેત ! સામાન્ય રીતે હું કોઈને કહેતો નથી. મૌનના પ્રવચન વખતે જ બોલું છું. આ વખતે ગુરુ પૂર્ણિમા વખતે સાબરમતી આશ્રમમાં રહેલો. બધા આશ્રમોમાં માલપૂડા અને દૂધપાકની ઉજાણી થતી. વધ્યા તે ભિખારીઓને વહેંચ્યા પણ આ છોકરીઓને (આશ્રમની) ખવડાવવા કોઈ તૈયાર નહિ. મેં મારી જાતે એંશી રૂપિયા ખર્ચીને દૂધપાક ખવડાવ્યો છે. માલપૂડા ખવડાવવાનું મારું ગજું નહિ. અમે તો પૂરેપૂરી કરકસર કરીશું. અમે કશું નકામું જવા દેતા નથી. વૈકુંઠભાઈને ત્યાંથી ભાત આવેલો તે ચાર ટંક સુધી ચલાવેલો. ખાખરા ભાખરી વધી જાય તો વધવા દેવું. મારી માએ વસ્તુનો કેવી રીતે ઉપયોગ કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું.

### (૩) પ્રભુકૃપા

વળી સુરતમાં જે ઓવારો છે તે લાખ - બે લાખ રૂપિયા કરતાં પણ નવો થાય નહિ એવો છે. એ ઘણો જૂનો છે. પણ અમે એવો સંકલ્પ કર્યો કે એને સુધરાવવો, એટલે એનું કામ શરૂ કર્યું છે અને એનું કામ ચાલે છે. ગામડામાંથી પૈસો લેવાની વાત જ નથી કરતા. કારણ, બધાં ગામડાંઓને ચૂસે છે. પૈસા માગવા નથી ગયો છતાં પૈસા મળ્યાં જ કરે છે.

મારી સાથે એક બી.એ. થયેલાં બહેન સંબંધમાં આવ્યાં છે અને એનામાં ભજન કરવાની શક્તિ જાગી અને એણે જે ભજનો લખ્યાં તે એના બાપુજીએ છપાવી આપ્યાં. એણે મફત વહેંચવા વિચાર કરેલો, પણ મને થયું કે એનું જો કંઈ મળે અને પૈસા ઉપજાવાય તો સારું. એ રીતે કરવાથી રૂપિયા ૧૨૫૦ ઉપરાંત રકમ આવી. નાની સરખી ચોપડીથી અત્યાર સુધીમાં આટલા મળ્યા છે અને હજુ મળશે. આ તો નધણિયાતું કામ છે. અને આવાં કામો કરવાં એ પુણ્યનું કામ છે અને આવાં કામો કરવાં એ પુણ્યનું કામ છે. જૂના વખતમાં કૂવા-ઓવારા

બંધાવાતા, પણ હવે એમ થતું નથી. કુરુક્ષેત્ર બહુ મોટું તીર્થ છે અને આ ઓવારો જબરજસ્ત છે. આ ઓવારો જે રિપેર થયો છે તેની આવરદા પચાસસાઠ વર્ષ વધી ગઈ છે. હજુ એને રેલિંગ કરાવવી છે. મારી પાસે પૈસો નથી સહુ જાણે છે. છતાં ભગવાન કૃપા કરીને બધું આપે છે.

**(૪) કોઈને ભ્રમણામાં ન રાખો.**

મારા ગુરુમહારાજે એક હકીકત કહેલી કે 'કોઈને ભ્રમણામાં ન રાખતો. દરેકને સાચી પ્રયોગાત્મક હકીકત કહેવી.' કોઈ ડૉકટર કે હેલ્થ ઑફિસરને પૂછતાં તે એમ જ કહશે કે આ જાતનું એકાંત પચાવવું બહું અઘરું છે. તો આ મૌનમંદિરની અંદર ભગવાનની કૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી અંદર એવી ચેતના શક્તિ રહેલી છે જેથી અંદર રહેલો માણસ આનંદથી દિવસો પસાર કરી શકે છે. અંદર રહેલી ચેતનાશક્તિને પરિમામે એ બને છે. અંદર રહેલી ચેતનાશક્તિને પરિણામે એ બને છે. જેલમાં આકરી સજા તે Solitary cell (એકાંત કોટડી) અને તે ત્રણ જ દિવસ. તે બહુ આકરી સજા કહેવાય. મોટા ડૉકટર, આરોગ્ય અધિકારી વગેરેનો એવો મત કે માણસને આ રીતે પૂરવામાં આવે તો માણસ ગાંડો થઈ જાય. આવા કેદીને ડૉકટરો જ તપાસી જાય અને ગાંડો થઈ જાય તો એને તરત બહાર કાઢતા. અમે એ ભોગવેલું છે. એમાં તો જાળીઓ પણ હોય છે તેમ છતાં એ એકાંતથી ગાંડપણ થઈ જાય છે.

આ પ્રયોગ તા.૧૬-૮-૧૯૫૯થી ચાલુ છે. નડિયાદમાં પાંચ વર્ષથી એ ચાલે છે. કુંભકોણમ્‌માં આઠ વર્ષથી ચાલે છે. નરોડા અને નવા ડીસામાં પણ ચાલે છે. પણ કશે કોઈ ગાંડો થઈ ગયો નથી. એટલે અમે અમારા ગુરુમહારાજના આશીર્વાદથી કહીએ છીએ કે આવીને તપાસો. અંદર જે ચેતના શક્તિની મદદ છે એ મદદ તમને ખબર ન પડે એવી રીતે મળે છે. અરે, ખુલ્લા જંગલમાં એકાંતમાં રહેવું એ પણ (એને પચાવવું) બહુ અઘરું છે. પણ અહીં તો એ જાતની પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે. જેમ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વગર પૂજા થતી નથી તેમ અહીં પણ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.

મૌ. કેડીએ- ૯૮-૧૦૦

## (૫) અનુષ્ઠાન

'આવા મૌનએકાંતનાં અનુષ્ઠાનથી 'જીવ' એકદમ કંઈ શિવ થઈ શકતો નથી, પણ એમાંથી શિવ થવાની શક્યતા તો સાપંડે છે.' અને તે હકીકત મારા અંગત મિત્રો જાણે છે. અનુષ્ઠાન એ મારે મન એક પ્રકારની તપશ્ચર્યા છે. સતત નામસ્મરણ અથવા તો કોઈને કોઈ રીતે પ્રભુભાવનાને સતત એકધારી જ્ઞાન-ભક્તિયોગભાવે રાખી શકાવાના પ્રયત્નમાંથી પ્રભુકૃપાથી 'જીવ'ને 'લાગી' જવાનું છે. એક વાર જો જેને લાગ્યું તેને જ લાગે છે. તેથી પ્રભુકૃપાથી જે સ્વજનનો આ હેતુ કાજે મળ્યાં છે, તેમને એક પછી એક એવા પ્રત્યેક અનુષ્ઠાનમાં આકરી રીતે તે કર્યા કરવાનું હોય છે, અને સમય પણ લંબાવાતો હોય છે. આવા અનુષ્ઠાનોથી જીવ કદી શિવ એકદમ થઈ શકતો નથી, એ તો હકીકતની વાત છે.

પ્રવેશ- ૧૫૫-૧૫૬

## (૬) કર્મયજ્ઞ

કર્મયજ્ઞ તો મોટામાં મોટો યજ્ઞ કહેવાયો છે. સંસારમાં સ્વાર્થ રહેલો છે. તેમાં પણ નિરહંકારપણે, નિર્મમત્વપણે, પ્રભુપ્રીત્યર્થે કર્મ થયા કરે, તો તે કર્મ યજ્ઞરૂપ છે. મનની દ્વિધાવૃત્તિ ન રહે એ રીતે કર્મ કરવાં જોઈએ. લાખો રૂપિયા ખર્ચીને યજ્ઞ કરશો એ ઉપયોગમાં નહિ આવે. જે ઉપયોગમાં આવે એ જ ખરો યજ્ઞ. ધન એ પણ મોટામાં મોટી શક્તિ છે, ગુણ એ પણ શક્તિ છે. ગુણશક્તિ માટે ભગવાનનું સ્મરણ કરવું એ મોટામાં મોટો યજ્ઞ છે. અમે અહીં એ યજ્ઞ આદરેલો છે. કેટલાય માણસોને અંદર શાંતિ મળે છે, સાચું સૂઝે છે. જીવનમાં સંઘર્ષ પામેલા હોય અને કર્મમાં જેને ભાવના પ્રગટતી ન હોય તેવાને અહીં ભાવના પ્રગટે છે એ સોએ સો ટકા સાચી વાત છે. સેવાના ક્ષેત્રમાં રચેલાં પચેલાં બેચાર દિવસ બેસી જુએ. આ એવું જ્ઞાન છે કે જેને અનુભવ્યાં સિવાય સમજાય નહિં.

આ પ્રકારનો પ્રયોગ હિંદુસ્તાનમાં કોઈ ઠેકાણે ચાલતો નથી. મારા ગુરુ મહારાજે મને આ અવનવો પ્રયોગ બતાવ્યો છે. પ્રયોગ કરીને જુઓ. મારા કેટલાંક જૂના સાથીઓ કહે છે

કે તમે તો લપસી પડ્યા! હું તેમને પણ સાચી વાત કહું છું કે પ્રયોગ કરવા બે ચાર દિવસ બેસી જુઓ તો સમજાશે.

ભાવનામાં જાગૃત થઈ જવાય તો બીજા જન્મે આ જ માર્ગે જલ્દી જવાય. આવું થાય તો શરીરનો જન્મ પણ તરત થાય. નહિ તો જીવને જન્મ લેતાં ઘણો સમય જાય છે એ અનુભવથી કહું છું. પુરાણોની વાત સાચી માનશો નહિ. સાત્ત્વિક પુરુષનો જન્મ જલદી થઈ જાય છે. જ્ઞાનચેતનની દશામાં નિષ્ઠા પામેલા કોઈ આપણા ઉપર કૃપા કરે અને સૂક્ષ્મમાં સંસ્કાર રેડે તો, અથવા ભગવાનના સ્મરણમાં નિરંતરતા પ્રગટે અને ભાવના જાગે અને તેના કારણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંસ્કાર પડે તો જન્મ જલદી થાય. આનું પણ ગણિત છે. શ્રીમદ્ રાજચંદ્રે લખેલું છે કે 'સારી રીતે કરે એને એકવીસ જન્મ, ઉત્કટતાવાળાને માટે સાત જન્મ અને એનાથી પણ પ્રબળ હોય તો ત્રણ જન્મ.' મને મારા મિત્રે એમના કાગળમાં આ વંચાવેલું. તેઓ તો મહાન યોગી હતા. આ પણ વિજ્ઞાનની માફક જ પ્રયોગથી સાબિત કરી શકાય એવું છે. પણ તેવો પ્રયોગ કરે ત્યારે ને ? જ્યાં સુધી યાહોમ કરીને ઝંપલાવવાનું દિલ જાગ્યું નથી, ત્યાં સુધી કંઈ વળવાનું નથી.

હરિદ્વાર-૯

## (૭) યોગવિદ્યા

હું તો જોઉં છું કે કેટલાંક પંડિતો જાણકાર નથી હોતા તો પણ ડહાપણ કરતા હોય છે. આઈન્સ્ટાઈને રિલેટીવીટી (સાપેક્ષવાદ) નો સિદ્ધાંત શોધ્યો, પણ એના જાણકાર પૃથ્વીમાં દસ પંદર જણ જ હોઈ શકે. એમાં કોઈ સલાહ આપવા જાય નહિ - જઈ શકે નહિ. આપણાથી ડૉકટરને સલાહ આપવા જવાય છે ખરું ? જેમાં આપણો ચંચુપ્રવેશ પણ નહિ હોય એમાં ડહાપણ ડહોળવું નહિ. નહિ તો જે કંઈ પોતાની જાતને હશે તે પણ ગુમાવી બેસીશું. જ્યાં સુધી સૂક્ષ્મમાં ચેતનાત્મક સંસ્કારનો પ્રવેશ ન થાય ત્યાં સુધી જીવનો ઉદ્ધાર શક્ય નથી.

શરીરમાં સૂક્ષ્મ તત્ત્વો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એમાં સંસ્કાર પડવા જોઈએ. આવું બન્યા વિના યોગવિદ્યા કહી શકાય નહિ. હા, નામ લઈ શકાય, માટે જ્ઞાનીપુરુષોએ નામસ્મરણને પણ મોટામાં મોટો યોગ ગણાવ્યો છે. કેમ કે પરિણામ એકસરખું જ લાવે.

આજકાલ લોકો લાખો રૂપિયા ખર્ચીને યજ્ઞ કરે છે. તેમને પણ હું કહું છું કે કાળ બદલાયો છે. શા માટે નકામા પૈસા ખર્ચો છો ? એવું કરો કે જેથી સમાજનું કલ્યાણ થાય. પણ કોઈ માને નહિ. જપયજ્ઞમાં તો પૈસાનો ખર્ચ નહિ. ભગવાનના નામનો જપયજ્ઞ કરવાથી તો સંસ્કારોનો પ્રવેશ કરાવી શકાય છે. ઉચ્ચારની પણ અસર હોય છે, પણ એમાં નિરંતરતા પ્રગટવી જોઈએ. આમ બને તો કામ, ક્રોધ, લોભ, મત્સર ઘટે. એ બધા મરે પછી સહજ પ્રયત્નથી આગળ વધી જવાય. મોટું લાકડું જલદીથી ઊંચકાય નહિ, પણ નીચે પથ્થર મૂકીને ગબડાવીએ તો તરત ગબડે. તેમ ભાવનામાં નિરંતરતા પ્રગટે તો જલ્દી નિકાલ આવે.

સૂક્ષ્મમાં સંસ્કારનો પ્રવેશ થયા વિના ઉદ્ધાર નથી. કોઈ મહાત્માથી સંસ્કારનો પ્રવેશ થાય, પણ આપણે જીવદશાવાળા હોવાથી ખાતરી થાય નહિ, એટલા માટે ભગવાનનું નામ લેવામાં નિરંતરતા પ્રગટાવે. આમ કરવાથી બીજો જન્મ તો સાનુકૂળતાવાળો પ્રગટવાનો. તમે ચિંતામુક્ત દિલથી ભગવાનનું નામ લઈ શકો એટલા માટે આ હરિઃ ૐ આશ્રમ છે. આ પદ્ધતિ - ટેકનિક ગુરુમહારાજની કૃપાથી થઈ છે અને એમની કૃપાથી જ ચલાવીએ છીએ.

હરિદ્વાર- ૨૬-૨૭

## (૮) માનસિક શાંતિ

અમે વહેવારમાં મદદ નહિ કરી શકીએ. ગૂંચ લઈને આવો તો કદાચ સૂઝે તે રસ્તો બતાવી શકાય. મારો ઈશ્વર માથા ઉપર કોઈનું દેવું નહિ રહેવા દે. નંદલાલ તો યુરોપથી આવેલા. તેમણે મને ઘણી મદદ કરી હતી. મને એમ હતું કે એણે ભાવથી મદદ કરી તેમાં શું ? પણ ગુરુમહારાજે મને કહ્યું કે માન્યતા બરાબર નથી. કોઈ પાંચ રૂપિયા આપે તો તેનું કામ કરી આપવું જોઈએ. ભાવનાના ક્ષેત્રમાં એમ નહિ ચાલે. જે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંચો ગયો

તેની તો વધારે જવાબદારી છે. હું વેપાર અંગેનું કશું જાણું નહિ, પણ તેનું ઋણ ફેડવાની સતત ઝંખના-ભાવના ખરી. આપમેળે ઈશ્વરકૃપાથી સ્ફુરણા થઈ. મેં તેમને સલાહ આપી કે બને તેટલો પારો ખરીદો. લાખો રૂપિયાનો - મળે તો એટલો. એ લોકોને વધુ મળ્યો નહિ. ચાળીસ હજારથી વધારે મળ્યો નહિ. તેમાં રૂપિયા વીસહજારનો નફો થયો. તેમણે મને મદદ કરી હતી. પણ કુલે એટલી રકમ આપી ન હતી. તેમણે મને મદદ કરી હતી. પણ કુલે એટલી રકમ આપી ન હતી, એટલે ઋણ અદા થયા વગર રહેવાનું નથી. એ પૈસાથી જ અદા થાય એવું નથી. માનસિક શાંતિ અથવા એવા જ એક યા બીજા માર્ગ દ્વાર પણ અદા થાય.

મૌ. કેડીએ- ૫૧

### (૯) કર્મપ્રારબ્ધ

સાધુ, મહાત્મા, ભક્ત લોકોના સંકલ્પ કદી મિથ્યા થઈ શકતા નથી. ભણેલાગણેલા લોકોને ગળે આ વાત ઊતરતી નથી. જૂના જમાનાના ભક્તો કે મહાત્માઓની વાત જવા દઈએ, પણ મહાત્મા ગાંધીની જીવનકથામાં છે કે કોઈ એક શુદ્ધ આત્માનો સંકલ્પ હોય કે સ્વરાજ મળી જાય તો એ સફળ થાય. એમણે પોતે ૧૯૪૨મા quite India (હિંદ છોડો) નો સંકલ્પ કરેલો તો પૂરો થયો. એમના આત્મયીજનોએ એમને એમ કહેલું કે આ બનશે કે કેમ ? પણ એમના પોતાના દિલમાં જે ઊગ્યું, તે એમણે સફળ કરી બતાવ્યું. એવી જ રીતે આવા મહાત્માઓએ કોઈ જીવ વિશે સંકલ્પ કર્યો હોય તો તે (જીવ) ની ભૂમિકાને સાનુકૂળ થઈ જાય એવો એ સંકલ્પ થઈ જાય. ગાંધીજીએ જે સંકલ્પ કરેલો તેને યોગ્ય ભૂમિકા સાંપડી નહિ. એટલે સ્વરાજય મળ્યું પણ પૂરેપૂરું નહિ. એટલે જે જાતનું સ્વરાજય મળવું જોઈતું હતું તેવું નહિ થયું. દરેકને કર્મપ્રારબ્ધ પણ ભોગવવું પડે. મહાત્મા, સંત, ભક્તો વગેરે બધાને પ્રારબ્ધ ભોગવવું પડે. રામને ચૌદ વર્ષ વનવાસ, કૃષ્ણને પારધીથી મૃત્યુનો યોગ ભોગવવો પડ્યો.

મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે ‘તારે અનેક જીવ સાથે કર્મપ્રારબ્ધ ભોગવવાનું છે તે સારું, નરસું અને બધી રીતનું હોય. પણ જે જીવો તને મળે તેની સાથે એવી રીતે એ પ્રારબ્ધ ભોગવવું કે એ જીવોનું પણ સાથે કલ્યાણ થાય.’ પણ ત્યારે મને આ વાતની ગમ નહિ. આજે પણ નથી. એટલે મેં મારા ગુરુમહારાજને પૂછેલું કે ‘કેવી રીતે એ ભોગવવું ?’ ત્યારે એમણે મને આ જાતના ઓરડા બનાવવા કહેલું. એટલે એ બધા જીવો જે મળે તે બધા સાથે આ રીતે પ્રારબ્ધ ભોગવાય કે જેથી એ બધાની ઊંચે ગતિ થાય. બધા સાથે સુમેળ, પ્રેમ, સદ્‌ભાવનો ગુણ કેળવતા થાય  અને અંદર પુરાઈને અંતર્મુખતા કેળવે તો એનું કલ્યાણ થાય. આવી રીતે કોઈ જીવ એકવીસ દિવસ એકવીસ વખત બેસે તો જીવોનું કલ્યાણ થાય. એ નિશ્ચિત હકીકત છે. હું એ અંગે લખાણ આપવા તૈયાર છુ઼ં. એકાંતમાં જીવ પોતે કેવો છે, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે એનામાાં જે ભર્યા પડ્યા છે તે જાગ્રત થાય છે. બાકી કોઈ નવા જીવોનું Outlook (દૃષ્ટિબિંદુ) પણ બદલાય છે. એને નવી નવી સમજણ પડે છે. અને એવા ઘણાને ઘણી જાતના અનુભવ થયા છે. આ પ્રયોગ હું એકવીસ વર્ષથી કરતો આવ્યો છું.

## ૧૦. ‘ભાગવતી જીવન’

ભાગવતી જીવન કપરું છે. પણ તે ઊંચે ચડવાનો રસ્તો છે. જીવદશા એ પતનની દશા છે. એમાં દ્વંદ્વની દશામાં હોવાથી સારું નરસું, પાપપુણ્ય વગેરે કરતાં હોઈએ છીએ. એટલે સંસાર-વહેવારમાં રહેલા આપણને પોતાને આપણું ભાન જાગતું નથી અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેને આ જાતનો વિચાર કરવાનો પણ અવકાશ મળતો નથી. તેને માટે આ જગા છે. અહીં જીવ પોતાને વિશે તટસ્થતાપૂર્વક વિચારી શકે છે. તમે હજારો રૂપિયા ખર્ચીને તીર્થ કરવા જાઓ પણ તે મારી દૃષ્ટિએ નકામા પૈસા ખર્ચો છો, કારણ તમને તે જાતની ભાવના નથી પ્રગટેલી.

## (૧૧) પહેલાં જાતને ઓળખ

ચારે પાસાંથી માનવી ઓળખી શકાય નહિ. એક માણસ કોઈને લુચ્ચો લાગે, બીજાને

ભલો લાગે, કોઈને દયાળું લાગે. એક માણસને સમગ્ર રીતે ઓળખવા આપણે લાયક નથી, તો પછી મહાત્મા કેવી રીતે ઓળખાય ? માટે એ મૂકી દો, જાતને ઓળખી લો, બીજાને ઓળખવાનું તારું ગજું નથી. લાકડી મૂકવાથી તાવ ન મપાય ! થર્મોમિટર જ જોઈએ. એટલે પહેલાં જાતને ઓળખ, બીજાને ઓળખવાનું છોડી દે, બીજા સાથે પ્રેમ કરવાનું શીખ. તું પ્રેમ કર. પ્રેમથી ભેદ ઘટશે અને તે તેનું લક્ષણ છે, તું કેવો છે તે જો. બીજાની વાત કરે છે ત્યારે એક ડાંગ ફેંકું એવું થાય છે. ગુરુમહારાજે દંડો આપ્યો હતો અને કહ્યું હતું કે 'જે કહે તેને બે મૂકવી.' પણ મેં લીધો નહિ. આજે લાગે છે કે લીધો હોય તો સારું થાત, ભલે મારી પાસે તે નહિ આવે. બૈરાંને પણ એમ કહેતાં દેખું છું. તેમને પણ કહું છું કે તું તારી જાતને વિચારજે. મારી પાસે આવે તેને કહું છું કે તમે બહિર્મુખ થઈ ગયા છો, અંતરમાં કામ કરતા મટી ગયા છો, આંખે જે દેખ્યું તેમાં મોહ પામી ગયા છો. કુદરતનું સૌંદર્ય ઊંચી ભાવનામાં લઈ જાય અને સૌંદર્ય વિકાર પણ પેદા કરે - બંને વસ્તુ કુદરતે બક્ષેલી છે. એથી આપણું વિશેષ પતન થાય. જેમ જેમ તે (વિકાર) વધારે તેમ તેમ તે વધારે દુઃખી. સુધારી દેવાનું પણ શક્ય નથી. ૧૯૧૯થી સુધારાનો ઝંડો લઈને નીકળ્યો હતો. પણ લોક કેટલા સુધર્યા ? ઊલટું વધારે થયું છે. ગુરુમહારાજે દંડો લઈને કહ્યું, 'ગાંધીજી સાથે વીસ વર્ષ સેવા કરી તેનું શું પરિણામ આવ્યું ?' જ્યારે દંડો ઠોક્યો ત્યારે ચેતી ગયો. બાહ્ય સેવામાં રાગદ્વેષ હોય છે. જ્યાં સુધી પોતાનામાં ઊંડા ન ઊતરીએ, પોતાની જાતને ઓળખવા પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી શુક્કરવાર વળશે નહિ.

મૌ. કેડીએ. ૧૨૨

## (૧૨) ઊંચી ભાવના પ્રગટે

બહાર જે હકીકત કોઈ દિવસ પ્રગટે નહિ તે અહીં સાત દિવસમાં પ્રગટી છે. તે જે રીતે પ્રગટી છે તેવી કયારેય પ્રગટી નથી. આપણે મળેલાં કર્મને પણ ઉત્તમ રીતે કરવાં હોય તો પણ મૌન એકાંતની જરુર છે એ ફક્ત પ્રયોગ કરવાથી સમજાશે.

પરમ દિવસે એક કૉલેજીયન આવેલો. તેણે બેસવા માટે કૉલેજના દિવસ પાડવાની તૈયારી પણ બતાવેલી. મેં તેને કહ્યું, ‘તુ કૉલેજીયન છે. કૉલેજના દિવસો પાડે તે નહિ ચાલે. કર્મને અવગણે તે નહિ બની શકે. અમે તારા માટે સરળતા કરીશું. તને પહેલો યોગ કરી આપીશું.’ ત્યારે તેણે કહ્યું, ‘હું માંદો પડું તો શું કરું ?’ અહીં મૌનમાં બેસી જનાર એક ભાઈના ફળિયામાં આ વિદ્યાર્થી રહેતો હતો. આવું મન એકબીજાનું જોઈને થાય છે. હું તો કોઈને કશી વાત કરતો નથી. પણ આ સમાજની સેવા છે.

માણસ અંદર બેસે છે, એકલું જ પુરાવું પડે એટલે આપોઆપ ખબર પડે. ગુલાબની સુવાસ આપોઆપ જ પ્રગટે છે. એને પ્રચારની જરુર પડતી નથી. કુતૂહલતા થાય છે. ભાવનાવાળો વિચાર કરે છે અને આપોઆપ બેસવા થાય છે. આપોઆપ પ્રગટે એ જ ખરો પ્રચાર. મૌનમંદિરમાં તો મનુષ્યની ભાવના ઊંચી જ પ્રગટે.

- હરિદ્વાર - ૯

**(૧૩) અંધારું શા માટે ?**

મારા ઘણા મિત્રો મને કહે છે કે ‘ભગત, અહીં અંધારું શું કરવા રાખો છો ?’ ત્યારે હું કહું છું કે ‘કોઈ ઑપેરશન કરવાનું હોય તો તમે કોઈ ડૉકટરને કહેશો કે આમ કરો કે તેમ કરો ?’ તો અમે ગુરુમહારાજની કૃપાથી આ ટેક્નિકના કંઈક જાણકાર છીએ. અને જે આપણને બીક લાગે છે તે અંધારાથી નહિ, પણ ડરના સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે તે ઉદય થાય છે, એટલે બીક લાગે છે. અંધારાને જ કારણે બીક લાગે છે એવું નથી. કેમ કે એની અંદર અડધા કલાક પછી તો અજવાળું લાગે છે. મારું ચાલે તો સંપૂર્ણ અંધારું રાખું. કુંભકોણમ્ (દક્ષિણ ભારત) માં તો ખૂબ નાનાં બાકોરાં છે અને ફક્ત ત્રણ આંગળી જેટલાં જ પહોળાં છે. અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્તશુદ્ધિને પોષક છે. આ પ્રયોગને સિદ્ધ કરવાને જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં પણ અંધારું નથી રાખ્યું. આ તો અહીં જે બધા મારા મિત્રો આવે છે તેમની સમજણ ખાતર કહુ છું.

- પ્રભુ - ૧૯-૨૦